
# વિલ – વસિયતનામું

........શું કામ ?




લેખક અને પ્રકાશક:

**અશ્વિન પારેખ**

B.Com., LL.B., DBM., ICSI., ICSA (U.K)

એડવોકેટ, હાઈકોર્ટ

# વિલ – વસિયતનામું

........શું કામ ?

(વિલ બનાવવાની જરૂરિયાત અને કળા વિષે સરળ ગુજરાતી ભાષામાં વાર્તાલાપ)


<u>લેખક અને પ્રકાશક:</u>

## અશ્વિન પારેખ

**B.Com., LL.B., DBM., ICSI., ICSA (U.K)**

© All rights reserved by the Author.

No part of this publication be reproduced, distributed or transmitted in any form or by means, including photocopying, recording or other electronic or mechanical methods without prior written permission of the author-publisher, except a brief quotation embodied in critical reviews and certain non-commercial uses permitted by copyright laws.

All disputes subject to Mumbai Jurisdiction only.

For permission please contact the Author.

લેખક / પ્રકાશક:

**અશ્વિન પારેખ,**
**બી -૩ -૪ સુન્દર નગર,**
**એસ.વિ. રોડ,મલાડ પશ્ચિમ,**
**મુંબઈ – ૪૦૦ ૦૬૪. INDIA**

**Email ID: ashvinparekh@gmail.com**
**(M) & WhatsApp: +91 96197 99350**

**(Mobile) & GPay: +91 98204 02650**

**કિમત:  રૂ. ૧૫૦/-  + રૂ. ૩૦/- પોસ્ટેજ / કુરિયર ચાર્જ**


GPay Paytm UPI

**ISBN: application No. 15677/ISBN/2023/A**

મુંબઈ માં છાપ્યું.

પહેલી આવૃત્તિ: ઓગસ્ટ, ૨૦૨૩.

# ચરણાર્પણ



## સ્વ.શ્રી એન. એન. મહેતા સાહેબને

વિદ્વાન કેળવણીકાર, શ્રી જે.પી. પારેખ સ્કૂલ, મહુવાનાં પ્રિન્સિપાલ, મારા પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસના ગુરૂ અને મારા જીવનમાં આચાર, વિચાર અને સંસ્કારનું ઘડતર અને ચણતર કરનારા, મારા જીવનનાં આધારસ્તંભ એવા સ્વ. શ્રી એન. એન. મહેતા સાહેબને  સ્નેહ અને સાદર ચરણાર્પણ.

---

# <u>ચરણાર્પણ</u>



**<u>ડો. શ્રી યશવંતભાઈ ત્રિવેદી સાહેબને.</u>**

ગુજરાતી સાહિત્યનાં ધુરંધર ડો. શ્રી યશવંતભાઈ ત્રિવેદી સાહેબને ગુજરાતી સાહિત્ય જગતમાં કોઈ જાણતું ન હોય એવું બને જ નહિ.

સન ૧૯૫૬ માં જે. પી પારેખ સ્કુલ, મહુવામાં મારા પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસ થી લઈને આજ સુધી મને એક સારા વિદ્યાર્થી જ નહીં પણ એક સારા માનવી તરીકે જીવનનું ઘડતર-ચણતર કરવામાં જેમનો સૌથી મોટો ફાળો છે એવાં મારા અત્યંત પ્રિય ડો. શ્રી. યશવંતભાઈ ત્રિવેદીને સાષ્ટાંગ-દંડવત પ્રણામ સાથે સપ્રેમ ચરણાર્પણ કરું છું.

સર, આ ૭૮ વર્ષની સ્વર્ગે સિધાવવાની ઉમરે પણ મારે ત્યાં જે આ પૂસ્તીકાને સ્વરૂપે પારણું બંધાયું છે એનું  બધુ શ્રેય હું આપને અર્પણ કરું છું. મારી બધી જ પ્રેરણાનું ફક્ત બીજ નહિ, પણ  હવા, પાણી ખાતર એ બધું તમે જ છો.

# સમર્પણ

મારી આ કૃતિ મારી પ્રિય પત્ની ભારતીને સપ્રેમ સમર્પિત



હૃદયપૂર્વક આભાર, ભારતી. મારું આ જીવન અને
જીવનની બધી પ્રેરણાં તારા થકી છે.

## લેખક તરફથી બે  વાતો

અવારનવાર હું જયારે લોનાવાલા કપોળ સેનીટોરીયમમાં ફરવાં/આરામ કરવા માટે જતો ત્યારે ત્યાંના ટ્રસ્ટી અને સ્વર્વવ્સ સમાન શ્રી અનંતભાઈ દોશી મને  કંઇક ને કંઇક નવું કે અનોખું  સર્જન કરવાની પ્રેરણા આપ્યાં કરતાં. હવે તો શ્રી અનંતભાઈ ત્યાંથી નિવૃત્ત થઇ ગયા છે પરંતુ એમણે આપેલી બધી જ પ્રેરણાઓ મારી અંદર હજુ જીવિત છે.

હમણાં જયારે હું જુન ૨૦૨૩ ત્યાં ગયો ત્યારે મેં "વિલ" ના વિષય ઉપર વાર્તાલાપ કરેલો. આ વાર્તાલાપ ત્યાં હાજર સાંભળનારાઓને બહુજ ગમેલો અને કેટલાક લોકોએ તો આ વાર્તાલાપ બીજા દિવસે પણ ચાલું રાખવાની માંગ કરેલી જેથી સવાલ જવાબ દ્વારા એમનાં પ્રશ્નો અને શંકાઓનું સમાધાન થઇ શકે. કેટલાક લોકોએ એમ પણ કહ્યું કે એમણે આ વિષય ઉપર ઘણા બધાં વાર્તાલાપો સાંભળ્યાં છે પરંતુ આ વાર્તાલાપ એટલી સરળ ગુજરાતી ભાષામાં, જાજા બહુ કાયદાકીય શબ્દો વાપર્યા વગરનો હતો એટલે  દરેકે દરેક નાની નાની, જીણવટ ભરી અને આંટીઘુટીવાળી વાતો પણ એમને એકદમ સરળતાથી સમજાઈ ગઈ.

મારા આ વાર્તાલાપ માટે મેં મારી ટેવ મુજબ થોડા ઘણાં મુખ્ય મુખ્ય મુદ્દાઓ કાગળ ઉપર લખી રાખેલા. મુંબઈ પાછાં આવ્યાં પછી મને થયું કે જો હું આ વાર્તાલાપ એક નાનકડી પુસ્તિકા  તરીકે પ્રગટ કરું તો જે લોકો ત્યાં હાજર ન હતાં એમને પણ લાભ મળે. એટલે એ વાર્તાલાપને આ પુસ્તિકા સ્વરૂપે રજુ કરું છું. આશા છે કે ગમશે.

આપના અભિપ્રાય મને કોઈ પણ રીતે–પત્ર કે **SMS, WhatsApp, Email** કે ફોન દ્વારા જણાવશો તો મને બહુજ આંનદ થશે એટલું જ નહિ પણ ભવિષ્યમાં આવું બીજું કઇક નવું કરવાની પ્રેરણા થશે. આપના યોગ્ય આભિપ્રાયો ને સંક્ષિપ્ત રીતે આ પછીની આવૃત્તિમાં આપના નામ સાથે જો શક્ય હશે તો કદાચ છાપી પણ શકાય.

અહી એક વાતનું સ્પષ્ટીકરણ અત્યંત જરૂરી છે કે આમાં જે કઇ વાતો, માહિતી, અભિપ્રાયો કે સલાહો લખી છે એ બધી અત્યારે પ્રવર્તિત કાયદા અને ન્યાયિક નિર્ણયો પ્રમાણે છે. કાયદાઓ તો ગમે ત્યારે બદલાય. અને કોર્ટોના નવા નિર્ણયો ક્યારેય પણ આવી શકે કે જુના નિર્ણયો ગમે ત્યારે બદલાઈ શકે. આવા સંજોગોમાં એવું પણ બની શકે છે કે જે વાત આ પુસ્તિકામાં લખેલી છે એ આવા કોઈ બદલાવ પછી સાચા-બરાબર ના પણ રહે. આ વાતની ખાસ નોંધ લેવા વિનતી.

બીજું, આ પુસ્તિકાના લખાણમાં જો કઇ ક્ષતિઓ રહી ગઈ હોય તો એના માટે ક્ષમાયાચના ઈચ્છું છું. આમ તો હું જાણું છું કે આપણે બધાં ગુજરાતી ભાષાનાં વાંચકો બહુ હોશિયાર છીએ. ભૂલો સુધારીનેજ વાંચીએ છીએ. છતાંય મારૂં ધ્યાન જરૂરથી દોરજો જેથી આગળની આવૃત્તિમાં જરૂરી સુધારા વધારા કરી શકાય.

અશ્વિન પારેખ

# આભાર (Acknowledgements):

મારી આ પુસ્તિકા લખવાની પ્રેરણાના આધારસ્તંભ પ. પુ. વડીલ શ્રી અનંતભાઈ દોશી (કપોળ સેનીટોરિયમ લોનાવાલા) નો.

---------------

પુસ્તીકાને અનુરૂપ અને મને પ્રેરણાદાયી પ્રાસ્તાવિક ભૂમિકા લખવાં બદલ પ્રા. શ્રી અશ્વિનભાઈ મહેતા સાહેબનો.

---------------

પ્રોસ્તાહક પ્રતિભાવ લખવા બદલ કપોળ સમાજ દર્પણ મેગેઝીનનાં તંત્રી નીલાબેન સંઘવીનો.

---------------

શ્રી રમેશભાઈ પટેલનો અને આકાશ પટેલનો, ભૂમિ એન્ટેરપ્રાઈઝ-મલાડ-મુંબઈનો જેમણે આ પુસ્તિકા છાપવાંમાં અથાગ પ્રયત્નો કર્યા.

---------------

શ્રી મંગલ બારવડીયાનો

જેણે આ પુસ્તિકાના વિષયને અનુરૂપ પ્રથમ પૃષ્ટ **design** કર્યું.

---------------



# આશીર્વચન

અશ્વિનભાઈએ એકદમ સરળ ગુજરાતી ભાષામાં લખેલી આ પુસ્તિકા બધા જ વાચકોને ખુબ ગમશે અને ઉપયોગી નીવડશે એવી મને ખાત્રી છે. વધુંમાં વધું લોકો આ પુસ્તિકાને વાંચે અને અશ્વિનભાઈની મહેનત સફળ થાય એવી શુભેચ્છા.

**અનંતભાઈ દોશી**

(લોનાવાલા કપોળ સેનીટોરીયમવાળા – હાલ પુના)

# રજૂઆત



પ્રા. શ્રી અશ્વિનભાઈ મહેતા,
પૂર્વ અધ્યક્ષ, ગુજરાતી વિભાગ,
મીઠીબાઈ કોલેજ , વિલે પાર્લે, મુંબઈ.
(મો): ૯૩૨૩૬ ૩૦૩૬૮

## વસિયતનામું – વર્તમાન સમય નો તકાજો:

**“વકીલોને કહી દો કે હવે માથું ના મારે,
હું એવો અસીલ છું, જેને ગુનાઓ ઓળખે છે!
કરી છે મેં ભૂલો એવી તો ભારે કે,
ન કરી વસિયત, ને વારસો કોરટે જઈ બાખડે છે!!”**

સંનિષ્ઠ વકીલ અને વેરા નિષ્ણાત શ્રી અશ્વિનભાઈ પારેખની પુસ્તિકા "**વિલ – વસીયતનામું શું કામ**" વાંચતાં ઉપરનું મનઘડંત મુક્તક લખાઈ ગયું.

જે સમય અને સમાજમાં રાણીછાપ રૂપિયો છેક જ ઘસાઈ ગયો છે અને માનવીના મન ટૂંકા થતાં ગયાં, પરિણામે માનવ – સંબંધો અને સંવેદનાઓ બુઠ્ઠી અને બધિર થતી ગઈ. પૈસો અને પ્રોપર્ટી પરમેશ્વરની જેમ પૂજાવા લાગ્યા ત્યારે ખુલ્લા – ખાલી હાથે આ ફાની દુનિયાને છોડી ગયા પછી, જીવનભર હડીયાપાટી કરીને જમા કરેલી મિલકત – અસ્કયામત- જરઝવેરાત અને જણસોની જોગવાઈ કેમ કરવી એની ચિંતા અને ચિંતન દરેક શાણા અને સમજદાર નાગરિક માટે અનિવાર્ય બની જાય છે. સરકારી સ્તરે અને પ્રશાસનિક ઢબે તેનાં ધારાધોરણો નક્કી થયાં, પણ કાળાંતરે, સમયાનુસાર તેમાં ફેરફાર થતાં રહે છે, ત્યારે એ માટેની સંશોધિત – સંવર્ધિત માર્ગદર્શિકા હાથવગી હોય એ સાંપ્રત સમયનો તકાજો છે.

આ પુસ્તિકામાં નિષ્ણાત લેખકે યથાર્થ દિશા – નિર્દેશ કરવાનું સમાજોપયોગી કાર્ય કર્યું છે . એક બેઠકે વાંચી જવાનું મન થાય એવી સરળ – સુગમ – અને સદ્રષ્ટાંત લેખનશૈલીમાં આ પુસ્તિકા લખાઈ છે એ તેની વિશેષતા છે. વાચકના ખભે હાથ મૂકીને લેખક

મૈત્રીદાવે વાતચીતના લહેકામાં સમજૂતી આપે છે એટલે એ સહુ કોઈ માટે સુવાચ્ય બની રહે છે.

લેખકે વસિયાતનામાંના વિવિધ પાસાંઓ પર પ્રકાશ ફેંકીને તેની ઉપયોગિતા અને સાર્થકતા સિદ્ધ કરી છે. તેમણે કરેલી કેટલીક નુકતેચીની નોંધનીય છે:

(૧) કાયદાકીય ગૂંચવણોની સાથે બદલાતાં અદાલતી નિર્ણયો;

(૨) નોમીનેશન સાથે વિલની અગત્યતા;

(૩) સંયુક્ત નામે કરેલી સંપત્તિની મૃત્યુ બાદ વહેંચણીમાં વિલની ભૂમિકા;

(૪) વિલ વગર, સંપત્તિના માલિકના દેહાવસાન બાદ તેના સંબધીઓમાં પેદા થતા કલહ, કલેશ, કડવાશ અને કાયમી ખટરાગ;

(૫) વિલ અને ભેટ-બક્ષીસ વચ્ચેનો તફાવત;

(૬) વિલની મરણોત્તર અમલબજાવણી;

(૭) વિલના વિવિધ પ્રકારો – વિલની ભાષા અને તેની રચના;

(૮) વિલનું રજીસ્ટ્રેશન અને નોટરાઈઝેશન;

(૯) વીલમાં ફેરફાર – ઉમેરણ;

(૧૦) વીલના સાક્ષીઓ – વિલની સાચવણી ...

---આવી અત્યંત મહત્વપૂર્ણ બાબતોનું વિશદ માર્ગદર્શન અહીં લેખકે પોતાના તલસ્પર્શી અભ્યાસ, બહોળા અનુભવ અને સર્વાંગી અવલોકનના આધારે રજૂ કર્યું છે.

વાચકના લાભાર્થે શ્રી અશ્વિનભાઈ પારેખે લીધેલો શ્રમ ત્યારે સાર્થક અને સફળ થાય જયારે એનું યથાયોગ્ય વાંચન અને વિવરણ થાય.

છેલ્લે, પૂ. મોરારિબાપુનું આ વિધાન યાદ આવે છે:

**“ જે પુસ્તક આપે છે તે સમાજને પોતાનું મસ્તક આપે છે.”**

**કવિએ કહ્યું છે:**

**“જીવતાં જો આવડે તો જાહોજલાલી છે જિંદગી,**
**જીવતાં ન આવડે તો પાયમાલી છે જિંદગી”**

લેખક શ્રી અશ્વિનભાઈ પારેખને આવી લોકોપયોગી પુસ્તિકા કિફાયતી – સાવ નજીવી રકમમાં સુલભ કરી આપવા માટે ઉમળકાભેર અભિનંદન આપું છું.

– અસ્તુ-

પ્રા. શ્રી અશ્વિનભાઈ મહેતા,

# પ્રસ્તાવના

મારી 'કપોળ સમાજ દર્પણ' ની ઓફીસમાં મને મળવા અમારા જૂનાં પાડોશી ઘણીવાર આવતા, આવે ત્યારે એક જ વાત હોય, "બહેન, કાંઈક કરોને, અમારા ભાઈઓ વચ્ચેના ઝગડા પતાવવા માટે."

હું કહેતી, "હું તો શું કરી શકું? આપણી જ્ઞાતિના કોઈ માંધાતાને કહો, તમને કાંઇક મદદ કરી શકે"

"બહેન, ભલભલાને કહ્યું, ઘણાં સ્વજનો વચ્ચે પડ્યા પણ ખરા, પણ કાંઈજ નિવેડો આવતો નથી. હવે તો અમારાં બધાંની ઉમર પણ વધવા માંડી છે."

"તો તમે જ ભાઈઓ મળીને સમજીને નિવેડો લાવો. કદાચ કોઈને થોડુ ઓછું-વધું થાય તો શું વાંધો છે? ઘી ઢોળાય તો ખીચડીમાં જ છે ને?"

"પણ કોઈ જરાય જતું કરવા તૈયાર નથી."

ભાઈઓ વચ્ચે મિલકત માટે વર્ષોથી ચાલતો ઝગડો આજે પણ યથાવત છે. કોઈ હિસાબે નીવેડો આવતો નથી.

જો આ ભાઈઓના માતાપિતાએ વ્યસ્થિત વિલ કરાવી લીધું હોત તો આવી પરિસ્થિતિ નિર્માણ થઇ હોત? ન જ થઇ હોત. આ જ કારણ છે કે

દરેક વયસ્ક વ્યક્તિએ વ્યવસ્થિત પાક્કું વિલ કરી લેવું જોઈએ, જેથી પોતે સદ્દગતિ પામે ત્યાર બાદ સંતાનો વચ્ચે લડાઈ – ઝઘડા ન થાય. માતાપિતાએ તો એ વિચારવાનું છે કે અમે હયાત ન હોઈએ પછી અમારા સંતાનો હળીમળીને રહે. સંતાનો વચ્ચેનાં મિલકતના વિવાદ બહુ જ વકરી જાય છે. તેથી દરેક વયસ્ક વ્યકિતએ વિલ બનાવવું જરૂરી છે.

આ પુસ્તિકામાં હાઈકોર્ટનાં એડવોકેટ શ્રી અશ્વિનભાઈ પારેખે વિલ બનાવવાની જરૂરિયાત અને કળા વિષે સરળ ગુજરાતી ભાષામાં માહિતી આપી છે. આ માહિતી વિલ બનાવનારને ઘણી જ ઉપયોગી થશે એવું મારૂ માનવું છે. લેખક પોતે એડવોકેટ છે. તેથી કાયદાની આંટીઘૂંટી પણ જાણે છે. આ પુસ્તિકામાં લેખાક્શ્રીએ કાયદાકિય અને સામાજિક બધી જ બાબતોનું ધ્યાન રાખીને માર્ગદર્શન આપ્યું છે. આ પુસ્તિકા વાંચીને એને અનુસરીને વિલ બનાવવામાં આવશે તો કોઈ તકલીફ પડશે નહિ.

આવું સમાજોપયોગી પુસ્તક લખવાં માટે હું લેખક શ્રી અશ્વિનભાઈ પારેખને અભિનંદન પાઠવુ છું. મહત્તમ લોકો આ પુસ્તિકાનો લાભ લેશે એવી અપેક્ષા પણ રાખું છું.

નીલા સંઘવી

(તંત્રી: કપોળ સમાજ દર્પણ)

# <u>અનુક્રમણિકા</u>


## ૧૯ – 30 <u>પ્રકરણ – ૧</u>

## પ્રાથમિક વાતો

૨૦ ૧.૧. વિલ એટલે શું?

૨૦ ૧.૨ વિલ શું કામ જરૂરી?

૨૬ ૧.3 સંપત્તિનો ખરો માલિક કોણ?

૨૮ ૧.૪ વિલ અને ભેટ-બક્ષીસ માં તફાવત

## ૩૧ -૪૦ <u>પ્રકરણ – ૨</u>

## વિલ નાં પ્રકારો

૩૨ ૨.૧ કેટલા પ્રકારના વિલ?

૩૨ ૨.૨ લીવીંગ વિલ

૩૫ ૨.3 અંતિમ ઇચ્છાઓ;

૩૭ ૨.૪ સંયુકત વિલ

૩૮ ૨.૫ મૌખિક વિલ

૩૯ ૨.૬ મરણોત્તર સમ્પત્તિનાં વિતરણ માટે નું વિલ.

## ૪૧ – ૫૬ <u>પ્રકરણ – 3</u>

## મરણોત્તર વિલ વિષે વધું

૪૨ 3.૧ મરણોત્તર અમલ

૪૩ 3.૨ વિલ બદલવા વિષે

૪૫ 3.3 વિલ કઇ ભાષામાં હોવું જોઈએ?

૪૬ 3.૪ વિલ સ્ટેમ્પ પેપર ઉપર હોવું જરૂરી છે?

૪૬ 3.૫ વિલનું લખાણ કઇ રીતે?

૪૭ 3.૬ વિલને રજીસ્ટર કરાવવું જરૂરી છે?

૪૮ 3.૭ વિલ મારફત શું શું આપી શકાય?

## ૫૭ – ૮૦ <u>પ્રકરણ – ૪</u>

## સમ્પત્તિના વિતરણ વિષે અત્યંત જરૂરી વાતો


૫૮ ૪.૧ અગત્યની બાબતો.

૫૯ ૪.૨ પોતાની પૂરી વિગતો.

૬૦ ૪.૩ અગાઉના વિલની વિગતો.

૬૦ ૪.૪ વારસો અને કુટુંબના સભ્યોની વિગતો.

૬૦ ૪.૫ કોઈ વારસને બાકાત રાખવા હોય તો?

૬૧ ૪.૬ વિલના કર્તા-હર્તા-**Executor**- ની નિમણુક.

૬૪ ૪.૭. દેવા કે કર્જ ની વિગત.

૬૫ ૪.૮ દાન-ધર્માદાની ઈચ્છાની વિગત.

૬૫ ૪.૯ વિલનાં અમલીકરણનાં ખર્ચની વ્યવસ્થા.

૬૫ ૪.૧૦ સંપત્તિની સંપૂર્ણ વિગતો-વર્ણન.

૬૬ ૪.૧૧ સંપત્તિની વહેચણીની પુરી વિગત.

૬૯ ૪.૧૨ મધ્યસ્થી-**arbitration**- ની જોગવાઈ.

૭૦ ૪.૧૩ સહી, સિક્કા, તારીખ, સાક્ષી વિ.

૭૧ ૪.૧૪ સક્ષીઓ કોણ/કેવા હોવા જોઈએ.

૭૧ ૪.૧૫ ડોકટરી સર્ટીફીકેટ.

૭૨ ૪.૧૬ વિલ ને ક્યાં રાખવું?

૭૩ ૪.૧૭. વિલનું નોટરાઈઝેશન

૭૮ ૪.૧૮. વિલ બનાવ્યા પછી શું?


-----------------

# <u>પ્રકરણ - ૧</u>

## <u>પ્રાથમિક વાતો</u>

# <u>વિલ – વસિયતનામું એટલે શું?</u>

## ૧.૧. <u>સૌથી પહેલી વાત, વિલ એટલે શું?</u>

સાવ સરળ ભાષા માં કહીએ તો વિલ-વસિયતનામું એટલે કે પોતાનાં મરણોત્તર પોતાની સમ્પત્તિના વિતરણ માટે કરેલી વ્યવસ્થા માટેનું લખાણ.

## ૧.૨. <u>બીજી વાત, વિલ શું કામ કરવું જોઈએ?</u>

(૧) આપણા સમાજમાં એવી એક સામાન્ય માન્યતા છે કે વિલ બનાવવું એ ફક્ત અમીર લોકો માટે જ છે. સાધરણ માણસોને વિલ બનાવવાની ની કોઇ જરૂર ના હોય. પરંતુ આજના વખતમાં આવી વિચારધારા હવે યોગ્ય રહી નથી. આગળ જતા આ વાત વધુ સમજાશે.

(૨) જો તમારી પાસે કોઈ પણ સંપત્તિ હોય અને તમે એવું ઈચ્છતા હો કે તમારા મરણોત્તર એ સંપત્તિનું વિતરણ તમારી ઈચ્છા પ્રમાણે થાય કે તમારે જેને આપવી હોય એને જ મળે તો વિલ કરવું અત્યંત જરૂરી છે. ખાસ કરીને અત્યારના સમયમાં કે જયારે કાયદાઓ ઘણા બધા બદલાઈ રહ્યા છે અને જુના કાયદાઓના

નવાં  નવાં અર્થઘટનો થઇ રહયા છે. અને જુના અર્થઘટનો ઉપર ફેરબદલ વાળા નવા નવા અદાલતી નિર્ણયો આવી રહ્યા છે. આપણે બધાં સામાન્ય રીતે એમ સમજીએ છીએ કે આપણી દરેક સંપત્તિમાં, જેવી કે બેંક ખાતાઓ, ફિકસડ ડીપોઝીટો, શેરના ડી'મેટ ખાતાઓમાં કે બીજા કોઈ રોકાણોમાં કે સ્થાવર મિલકતો જેવી કે મકાન, ફ્લેટ, પ્લોટ, જમીન વિ. માટે આપણે જેનાં નામનું "નોમીનેશન" કર્યું હશે કે જેની સાથે સંયુક્ત-જોઈન્ટ નામે રાખ્યું હશે એને એ સંપત્તિ આપણા મરણોત્તર થોડી ઘણી વિધિ કે અરજીઓ કરવાથી મળી જશે એટલે વાત પતી ગઈ. આપણી બધી સંપત્તિનું આપણી ઈચ્છાઓ મુજબ નું વિતરણ થઇ ગયુ. અને પછી એ વ્યક્તિ એ સંપત્તિનો એ જેમ એ ઈચ્છે તેમ ઉપયોગ કરી શકશે. જરૂર પડ્યે વેચી શકે. વિ.વિ. પરંતુ હકીકતમાં હવે આવું રહ્યું નથી. આ "નોમીનેશન" અને સંયુક્ત માલિકી - joint ownership ની બાબતમાં કાયદાઓમાં અને અર્થ ઘટનમાં ઘણાં બધાં બદલાવ આવી ગયા છે, અને હજુ પણ સતત બદલાવ આવી રહ્યા છે. અલગ અલગ કોર્ટનાં  અલગ અલગ અર્થઘટનવાળા અને ગુંચવણ ભર્યા નીવેડાઓ પણ આવ્યા છે અને આવ્યા કરે છે.. સ્થાવર મિલકત માટે, સ્થાવર મિલકત જે જગ્યાએ હોય એ જગ્યાનાં કાયદાઓ લાગું પડે છે. એટલે મહારાષ્ટ્ર રાજ્યમાં આવેલી સ્થાવર મિલકત જેવી કે ઘર, મકાન, જમીન, ફ્લેટ, વિ.વિ. માટે

મહારાષ્ટ્ર રાજ્યના કાયદાઓ લાગુ પડે. હમણાં હમણાં મહારાષ્ટ્ર રાજ્યમાં, કો-ઓપરેટીવ સોસાયટીનાં કાયદામાં નોમીનેશન વિષેની બાબતોમાં ધરખમ ફેરફારો આવ્યા છે. હવે અત્યારની પરિસ્થિતિ મુજબ કોઈ સંપત્તિ માટે કોઈ વ્યક્તિના નામનું નોમીનેશન કર્યું હોય અને તમારા મરણોત્તર એ સંપત્તિ નોમીનીનાં નામે થઇ પણ જાય તોય એ નોમિની એ સંપત્તિનો પુરેપુરો માલિક થઇ જતો નથી. નોમીની તો એ સંપત્તિનો ફક્ત એક ટ્રસ્ટી જ ગણાય અને એ સંપત્તિનાં માલિકી હક્ક તો એના કાયદેસરનાં માલિકનાં જ રહે. એટલે એ સંપત્તિનું આવા નોમીની પૂરેપુરા માલિક તરીકે એને ગમે તેમ વહેવાર ના કરી શકે. વેચી ના શકે, વાપરી ના શકે કે બીજી કોઈ રીતે એનો વહેવાર ના કરી શકે. એવી જ રીતે જો કોઈ સંપત્તિ સયુંક્ત નામે હોય તો એ બે માંથી એક સંયુક્ત વ્યક્તિનાં મરણોત્તર એ સંપત્તિનાં પુરેપુરા માલિકી હક્ક બીજી સંયુક્ત નામ વાળી વ્યક્તિને મળી જતાં નથી. એ મૃત વ્યક્તિનો જે હક્ક કે હિસ્સો હોય એ એના વારસોને મળે છે.

(૩) આ વાત આપણે જરા વિસ્તારથી જોઈએ. માનો કે એક ભાઈ, રસિકભાઈને એક પત્ની અને ત્રણ સંતાનો છે. બે દીકરા અને એક દિકરી. દિકરી એના લગ્ન પછી એના સાસરે રહે છે. આ રસિકભાઈ પાસે બે ફ્લેટ છે. એક ફ્લેટ મોટો છે અને બીજો ફ્લેટ નાનો છે. એની પાસે પોતાની જીવન વીમાની પોલીસી પણ છે.

(૪) હવે આ રસિકભાઈએ એમ વિચાર્યું કે દિકરી તો સાસરે ચાલી ગઈ છે અને મારે દિકરીને મારી સંપત્તિમાંથી જે કઇ આપવું હતું એ મેં એના લગ્ન વખતે કરિયાવર તરીકે કે બીજી રીતે આપી દીધું છે. એટલે એને હવે એ પરણેલી દિકરીને કાઈ પણ આપવાની ઇચ્છા નહોતી. એટલે એણે એમ વિચ્રાર્યું કે મારો મોટો ફ્લેટ મારા મોટા દીકરાને આપું અને નાનો ફ્લેટ અને જીવનવીમાની રકમ મારા નાના દીકરાને આપું એટલે બંનેને સરખે ભાગે સમ્પત્તિમાં ભાગ મળી જાય. એટલે એમણે મોટા ફ્લેટ માટે મોટા દીકરાના નામનું નોમીનેશન કર્યું અને નાના ફ્લેટ માટે અને જીવનવીમા પોલીસી માટે નાના દીકરાના નામનું નોમિનેશન કર્યું. અને એમ સમજી લીધું કે એની સંપત્તિનું વિતરણ એમની ઈચ્છા મુજબ થઇ ગયું.  એટલે પછી રસિકભાઈએ વિલ કરવાનો વિચાર સુધ્ધાં ના કર્યો.

(૫) હવે હકીકતમાં કાયદાકીય રીતે શું થયું એ આપણે જાઈએ. હકીકતમાં કાયદાકીય રીતે રસિકભાઈનાં મૃત્યુ પછી ભલે એ મોટો ફ્લેટ એના મોટા દીકરાનાં નામે અને નાનો ફ્લેટ એના નાના દીકરાનાં નામે સોસાયટીમાં થઇ જાય, નાના દીકરાને જીવનવીમાની રકમ પણ મળી જાય તે છતાં, રસિકભાઈએ જો વિલ નાં કર્યું હોય તો એ બંને દીકરાઓ પોત પોતાના નામે થયેલા

ફ્લેટના અને જીવનવીમામાંથી મળેલી રક્કમના પૂરે પુરા માલિક બની જતાં નથી, રસિકભાઈના જે કોઈ વારસ હોય એના ફક્ત ટ્રસ્ટી જ રહે છે. જો રસિકભાઈ એ વિલ કર્યું હોય તો એ વિલમાં જણાવ્યા મુજબના વ્યક્તિના, અને જો વિલ નાં કર્યું હોય તો આ ત્રણેય મિલકત એમની પત્ની, પરણેલી દિકરી અને બંને દીકરા એમ કરીને ચાર જણાની સંયુક્ત માલિકીની ગણાય. એટલે જો એમની પત્ની કે પરણેલી દિકરી એ બધી સંપત્તિ ઉપર પોત પોતાનો દાવો રજુ કરે તો એમને બધી સંપતીમાં સરખે ભાગે હક્ક મળે અને બંને દીકરાઓએ એ હક્ક આપવો પણ પડે. પરંતુ જો એ રસિકભાઈ નોમીનેશનની સાથે સાથે વિલ પણ કરે અને વિલમાં મોટો ફ્લેટ મોટા દીકરાને આપે અને નાનો ફ્લેટ અને જીવનવીમાની રક્કમ નાના દીકરાને આપે તો પછી એની પત્ની કે પરણેલી દિકરીનો કોઈ હક્ક ના રહે.

(૬) એવીજ રીતે જો સંપત્તી સંયુક્તનામે **-joint holding-** હોય અને પહેલાં નામવાળી વ્યકિતનું જો મરણ થાય તો એનું નામ કાઢી નાખીને બીજી વ્યક્તિ એનો પુરેપુરો માલિક થઇ જતો નથી. પહેલા નામ વાળી વ્યક્તિનાં જે કોઈ વરસદાર હોય એને એનાં માલિકી હક્કો મળે છે.

(૭) આ વાત આપણે એક ઉદાહરણ સાથે સમજીએ તો સ્પષ્ટ સમજાશે. માનો કે શાંતાબેન એક ઉમર લાયક બેન છે. એમને બે પરણેલી દિકરીઓ છે. એ બન્ને દિકરીઓને એમનાં પોત પોતાનાં કુટુંબ એટલે કે પતિ, સંતાન વિ. છે. હવે શાંતાબેનને પોતાની વધતી જતી ઉમરને લીધે પોતાનો ફ્લેટ એમની બંન્ને દિકરીના સંયુક્ત-જોઈન્ટ નામે ભેટ કરીને કરી નાખ્યો. શાંતાબેને એમ વિચાર્યું કે જયારે બેમાંથી એક દિકરી નહિ રહે ત્યારે એ મૃત દિકરીનું નામ એ ફ્લેટમાંથી નીકળી જશે અને એ ફ્લેટ જે દિકરી જીવંત હશે એના નામે થઇ જશે. અને પછી એ જીવંત દિકરી એમનાં એ ફ્લેટ ની પૂરેપૂરી માલિક થઇ જશે. પરંતુ કાયદો કઇક અલગ જ કહે છે. કાયદાકિય રીતે જે દિકરીનું મૃત્યુ થાય એનો જે હિસ્સો હોય (અહિયાં એ ફ્લેટ માં અડધો હિસ્સો હતો) એ અડધો હિસ્સો મૃત દિકરીનાં વારસો એટલે કે એમનાં પતિ, સંતાનો વિ. ને મળે અને નહિ કે બીજી જીવંત રહેલી બેનને. જો આ પરિસ્થિતિમાંથી બચવું હોય તો બંને દિકરીઓએ પોત પોતાનાં વિલ બનાવી એમાં સ્પષ્ટ રીતે જણાવવું જોઈએ કે એ ફ્લેટમાનો એમનો અડધો હિસ્સો એમનાં કુટુંબીજનોને નહિ પણ એમની બહેનને મળે. જો આવું વિલ નહી હોય તો એ મૃત બેનની બીજી બધી સંપત્તિની સાથે સાથે આ બાએ આપેલ ફ્લેટ ઉપર પણ આ

બેનનાં પતિ, સંતાનો કે બીજા વારસોનો નો હક્ક થાય અને જો માંગે તો આપવો પણ પડે.

## ૧.3. <u>સંપત્તિ નો ખરો માલિક કોણ?</u>

તો હવે આપણે એ જાણવું જરૂરી થાય છે કે સંપત્તિનો કાયદેસર માલિક કોણ ગણાય?

(૧) જો તમે વિલ ના કર્યું હોય તો કાયદા પ્રમાણે સંપત્તિના માલિકી હક્કો તમારા મરણોત્તર તમોને જે કાયદો લાગુ પડતો હોય એ કાયદા મુજબ નક્કી થાય છે. જેવા કે;

(૧) Indian Succession Act;

(૨) Hindu Succesion Act;

(3) Muslim Law, વિ. વિ.

અને જો વિલ કર્યું હોય તો વિલ મારફત જે વ્યક્તિ / વ્યક્તિઓ ને તમારી સંપત્તિ આપી હોય એ એના ખરા માલિક ગણાય.

(૨) આપણે વિષયાંતર કરીને એ બાબતની ચર્ચા તરફ ન જતા એક વાત બહુ જ સ્પષ્ટ રીતે સમજીએ કે વિલ કર્યા વગર સંપત્તિ માટે ફક્ત નોમીનેશન કરવાથી અથવા સંપત્તિ સયુંકત નામે કરવાથી તમારા મરણોત્તર એ નોમીની કે સયુંકતનામ વાળી

વ્યક્તિના નામે ભલે એ સંપત્તિ થઇ જાય પણ એ વ્યક્તિ એ સંપત્તિનો સંપૂર્ણ માલિક થઇ જતો નથી. જો વિલ નહિ કર્યું હોય તો તમારી સંપત્તિના માલિકી હક્કો તો તમોને જે કાયદો લાગુ પડતો હશે એ કાયદા પ્રમાણે નક્કી થશે.

(૩) એટલે જો તમે એવું ઇચ્છતાં હો કે તમારા મરણ પછી તમારી સંપત્તિ તમારી ઈચ્છા મુજબની જ વ્યક્તિને સમ્પૂર્ણ માલિકી હક્કો સાથે મળે અને બીજા કોઈ કુટુંબીજનોની કે વારસોની એમાં કોઈ દખલ ન રહે તો વિલ–વસિયતનામું કરવું અત્યંત જરૂરી બને છે.

(૪) કોઈ પણ કારણોસર વિલ નહિ કરો તો તમારા ગયા પછી તમારા બીજા બધા વારસો કે કુટુંબીજનો તમારી સંપત્તિમાં પોત પોતાનો હક્ક-દાવો કાયદાની રૂએ રજુ કરી શકે છે. અને પછી એ બધાને હક્ક-હિસ્સો આપવો પણ પડે. અને જો વાત વણસી જાય તો કોર્ટ, કચેરી અને વકીલનાં ધક્કા પણ ચાલું થઇ જાય. અને સમય અને પૈસાનો લખલૂટ ખર્ચ થવાની શક્યતાઓ વધી જાય.

(૫) તો હવે સમજાણું હશે કે આજના સંજોગોમાં તમારી સંપત્તિનું ફક્ત નોમીનેશન કરવાથી કે સંપત્તિ સયુંકત નામે રાખવાથી કામ પતી જતું નથી. વિલ તો કરવું પડશે.

તો હવે ચાલો આગળ વધીએ અને વિસ્તારથી સમજીએ આ વિલ-વસિયતનામા ને.

## ૧.૪. <u>વિલ અને ભેટ-બક્ષીસ માં તફાવત:</u>

(૧) ફરીવાર એક વાર થોડો વિષયાંતર કરીને સમજીએ કે વિલ કે ભેટ-બક્ષિસ મારફત આપેલી સંપત્તિમાં ફરક શું હોય છે. વિલ મારફત આપેલી સંપત્તિનાં માલિકી હક્કો વિલ બનાવનારના મૃત્યુ પછી જ વિલમાં જણાવેલ વ્યક્તિને મળે છે. વિલ બનાવનાર જ્યાં સુધી જીવતા હોય ત્યાં સુધી એની સંપત્તિના એ પોતે જ માલિક રહે છે અને બધાજ માલિકી અને બીજા બધા હક્કો (જેવાં કે ભાડુઆતી હક્કો વિ.) વિલ બનાવનારનાં પોતાના જીવનકાળ દરમ્યાન પોતાના જ રહે છે, વિલ બનાવનાર જેમ છે તેમ પુરેપુરા માલિક રહે છે અને બધા માલિકી હક્કો ભોગવી શકે છે. એ જયારે ઈચ્છે ત્યારે જે પણ કરવું હોય એ કરી શકે છે. વેચી શકે, બક્ષીસ-દાન-ધર્માદામાં આપી શકે કે એક ને બદલે બીજા વારસ કે સંતાનને કે કોઈ ત્રાહિત વ્યક્તિને પણ આપી શકે કે પછી બીજી કોઈ પણ રીતે એ સંપત્ત્તી વિષે જે કઇ કરવા ઈચ્છે એ કરી શકે છે. આ વાતની ખરી માહિતીના અભાવે ઘણાં લોકો વિલ બનાવવાનું ટાળે

છે. ઘણાં લોકો એમ સમજે છે કે કોઈને નામે વિલ બનાવ્યું એટલે કાંડા કાપી આપ્યાં. પણ ખરેખર એવું નથી.

(૨) ઘણાં વારસોમાં એવી પણ મોટી ગેરસમજણ હોય છે અને મોટાભાગે વારસો જાણી જોઇને ગેરસમજણ ઉભી કરે છે કે વિલમાં એનું નામ આવ્યું એટલે એ સંપત્તિ ના તુરતજ માલિક થઇ ગયા અને પછી એ સંપતી ઉપર પોતાના માલિકી હક્કો જમાવવા માંડે છે એટલુ જ નહિ એ સંપત્તિમાંથી ઉત્પન્ન થતા લાભોની પણ માંગણીઓ તુરત જ કરવા માંડે છે. દા.ત. તમે તમારો એક ફ્લેટ તમારા મરણોત્તર કોઈ એક દીકરાને મળે એવું તમે તમારા વિલમાં લખ્યું હોય અને પછી જો એ ફ્લેટ તમે ભાડે આપો તો એ દીકરો તમારી પાસેથી ભાડામાં મળેલ પૈસા માગવા માંડે, એમ કહીને કે એ ફ્લેટ તો એનો છે. કે એ ફ્લેટ તો તમે એને આપી દીધેલ છે. વિ.વિ. અથવા દિકરાને જો પૈસાની જરૂરિયાત પડે તો તમારી ઉપર એ સંપત્તિ વેચી એનાં પૈસા એને આપી દેવા માટે દબાણ કે માંગણી કરે. એમ પણ કહે કે છેવટે એ સંપત્તિ એને જ મળવાની છે ને. દીકરાની આ વાત તદ્દન ખોટી અને ગેરકાનૂની છે. એ ફ્લેટ તો તમે જ્યાં સુધી હયાત છો ત્યાં સુધી તમારી પુરેપુરી માલિકીનો રહે છે અને તમે જે ઈચ્છોએ કરી શકો. એ ફ્લેટ ઉપર તમે વિલ મારફત આપેલા કોઈ વ્યક્તિનો કે બીજા કોઈ સંતાનોનો કે

વારસોનો તમારા જીવનકાળ દરમ્યાન કોઈ પણ હક્ક, અધિકાર કે દખલ ના હોય.

(૩) પરંતુ તમે તમારી કોઈ સંપત્તિ કોઈને ભેટ-બક્ષિસ તરીકે આપો તો એ વ્યક્તિ એ સંપત્તિનો તુરતજ માલિક બની જાય છે. અને પછી એ સંપત્તિના બધાજ માલિકી હક્કો એને તુરતજ મળી જાય છે. પછી એમાં તમારા કોઈ માલિકી હક્ક કે દખલ નાં રહે. જેને તમે ભેટ-બક્ષિસ આપી એ જે કઈ કરવા ઈચ્છે એ કરી શકે. વેચી શકે, વાપરી શકે કે આગળ કોઈને ભેટ-બક્ષિસ આપી શકે, તમે એની સાથે એ ઘરમાં રહેતાં તો તમને પણ એ ઘરની બહાર કાઢી મૂકી શકે.

(૪) ટૂંકમાં ભેટ-બક્ષિસ આપેલી સંપત્તિના માલિકી હક્કો તુરતજ અમલમાં આવી જાય છે જયારે વિલ મારફત આપેલી સંપત્તિના માલિકી હક્કો વિલ બનાવનાર વ્યક્તિના મૃત્યુ પછી અમલમાં આવે છે. વિલમાં અને બક્ષીસ-ભેટમાં આ એક બહુ મોટો અને સમજવા જેવો તફાવત છે.

# <u>પ્રકરણ – ૨</u>

## <u>વિલ નાં પ્રકારો</u>

## ૨.૧ <u>કેટલા પ્રકારના વિલ?</u>

સામાન્ય રીતે આપણે એમ સમજીએ છીએ કે વિલ એટલે કે આપણા મૃત્યુ પછી આપણી સંપત્તિના વિતરણ માટે કરેલું લખાણ. પણ વિલ ઘણી બધી પ્રકારનાં હોય છે. મુખ્યત્વે નીચે જણાવેલ પાંચ પ્રકારનાં વિલ વધારે ચલણમાં છે:

(૧) લિવીંગ વિલ;

(૨) અંતિમ ઇચ્છાઓ;

(3) મિલકતની વહેચણી માટે નું વિલ;

(૪) સંયુકત વિલ એટલે કે **joint will;**

(૫) મૌખિક વિલ.

આમાંથી ચાર પ્રકારના વિલ વિષે આપણે અહી થોડી વાતો ટૂંકમાં કરીશું અને સંપત્તિની વહેચણીના બાબતનાં વિલ માટે આગળ વિસ્તારથી વાત કરીશું.

## ૨.૨ <u>લિવીંગ વિલ - LIVING WILL:</u>

(૧) સામાન્ય રીતે વિલનું અમલીકરણ વિલ બનાવનારના મૃત્યુ પછી કરવાનું હોય છે પરંતુ આ લિવીંગ વિલ -LIVING WILL- માં લખેલ લખાણનું અમલીકરણ લખનારના જીવનકાળ દરમ્યાનમાં જ કરવાનું હોય છે. જરા વિગતમાં સમજીએ.

ઘણી વખત જીવનમાં એવી પરિસ્થિતિ અચાનક આવી જાય કે આપણું શરીર આપણું ધાર્યું કામ ન કરે કે વાચા બંધ થઇ જાય અને આપણે કાઈ પણ બોલી ન શકીએ કે અચાનક માંદગી આવે અને હોસ્પિટલમાં ડોક્ટર સીધા ICU માં કે વેન્ટીલેટર ઉપર મુકી દે, કે ૯૦-૯૫ વર્ષ ની ઉમરે હાથ-પગ નું હાડકું ભાંગે અને ડોક્ટર ઓપેરશન કરવાની સલાહ આપે, કે Paralysis નો એટેક આવે અને આપણે પરાધીન થઇ જઈએ. ઘણીવાર ડોક્ટર અને સંતાનોને ખબર પણ હોય છે કે આવિ પરિસ્થિતિમાંથી કદાચ સારવારથી બચી જવાશે તો પણ ત્યારબાદ ની જિંદગી પરાધીન અને બહુજ વિકટ-મુશ્કેલ હશે. ત્યારે આવી પરિસ્થિતિમાં આપણી સારવાર વિષે કોઈ પણ નિર્ણય લેવાની પરિસ્થિતિ આપણા હાથ માં હોતી નથી અને સંતાનો કે કુટુંબીજનો એમનાં મને-કમને ને સમાજની બીકથી સારવાર કરાવવા મજબુર થઇ જાય. અને આવી પરિસ્થિતિમાં આપણે આપણા સંતાનોને કે કુટુંબીજનોને આપણી આવી બધી સારવાર માટે શું ઈચ્છાઓ એ જણાવી નાં શકીએ. અને એમને પણ મુંજવણ થાય કે આવી પરિસ્થિતિમાં સારવાર કે ઓપેરશન કરવાવુકે નહિ? કે સારવાર કેટલાં સમય સુધી કરાવ્યાં કરવી? ડોક્ટર હાથ ઉચાં કરી દે ત્યાં સુધી કે પૈસા ખલાસ થઈ જાય ત્યાં સુધી? તો જો આવા સંજોગો ભગવાન ન કરેને કોઈના

જીવનમાં આવે, તો એ વખતે એ લોકોએ શું કરવું કે શું ના કરવું એ વિષે તમારી ઇચ્છાઓ અગાઉથી જ આવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય એ પહેલા જ તમે જણાવી શકો. દા.ત. કેટલા દિવસ સુધી જ ICU માં કે વેન્ટીલેટર ઉપર રાખવા કે કેટલા પૈસા સુધીનો ખર્ચ કરવો, વિ. વિ.

(૨) આવી ઇચ્છાઓની જાણ તમે તમારાં લાગતા વળગતાને લેખિત કે મૌખિક રીતે કે બીજી કોઈ પણ રીતે, જેવી કે SMS, WhatsApp ના સંદેશા કે email દ્વારા પણ કરી શકો. આવા લખાણનો સૌથી મોટો ફાયદો એ થાય કે આપણા સંતાનો કે કુટુંબીજનોને માર્ગદર્શન મળે અને ખોટેખોટી સમાજની બીકથી કે બીજા કોઈ કારણસર બિનજરૂરી, પૈસા ના હોય તો દેવું કરીને કે બીજી કોઈ રીતે પૈસા એકત્ર કરી ને પણ સારવારનો ખર્ચ કર્યા ના કરે. વિ .વિ. આવા લખાણને લિવિંગ વિલ–living will કહેવાય છે.

(૩) આવા લિવિંગ વીલના લખાણને સાદા કાગળ ઉપર લખી શકાય કે ઉપર જણાવ્યા મુજબ બીજી કોઈ પણ રીતે સંતાનોને, કુટુંબીજનોને કે લગતા વળગતાને જણાવી શકાય. આવા લખાણ માટે આવા લિવિંગ-વિલ બનાવનારની સહી, સાક્ષી કે ડોકટરના સર્ટીફીકેટ વિ. ની એવી કોઈ કાયદાકિય વિધિની ની જરૂરિયાત હોતી નથી. ફક્ત તમારી ઇચ્છાઓ તમારે સ્પષ્ટ રીતે જણાવવી

જોઈએ. આવું કોઈ લખાણ કરો તો એની એક નકલ-કોપી કે એની જાણકારી તમારાં સંતાનોને, કુટુંબીજનોને કે લાગતા વળગતાને ઉપરોક્ત જણાવ્યા મુજબ કોઈ પણ રીતે આપી શકાય કે ફક્ત મૌખિક રીતે વાંચીને પણ સંભળાવી શકાય.

(૪) આવા લખાણનું બહુ કોઈ કાયદાકિય સ્વરૂપ હોતું નથી. એટલે જો કોઈ સંતાન કે કુટુંબીજન તમારી કોઈ વાત કે ઈચ્છાને ન માને, એનું પાલન ના કરે કે, લાગણીવશ થઇને કે સામાજિક કે બીજા કોઈ કારણોસર તમારી ઈચ્છા વિરુદ્ધ વર્તન કરે તો એ વિષે ઝાઝું કાઈ કાનૂની રીતે ન થઇ શકે. આવું લખાણ ફક્ત માર્ગદર્શન તરીકેનું જ ગણાય.

## ૨.૩ અંતિમ ઈચ્છાઓ:

(૧) હવે આપણે વાત કરીએ બીજા પ્રકારના વિલની જેને આપણે અંતિમ ઈચ્છાઓ કહીએ છીએ.

આપણા સમાજમાં, જ્ઞાતિમાં કે કુટુંબમાં કોઈ સભ્યનું અવસાન થાય તો અવસાન બાદ શું શું વિધિ, ક્રિયાઓ, કર્મ-કાંડ કરવા એ માટે કઈક ને કઇક –થોડી ઘણી– પ્રથાઓ કે રીત-રીવાજ તો હોય જ છે. જેવાં કે મૃત દેહનો અગ્નિસંસ્કાર કરવો, ચૌથા, ઉઠમણું, સરવણી,

વિ. કરવાં, પ્રાર્થના સભા, બેસણું કે સાદડી રાખવાં, છાપામાં ખબર આપવી, વિ. વિ. હવે તમે જો એમ ઇચ્છતા હો કે આવી બધી પ્રથાઓમાંથી કઇંક કે બધું બાકાત રાખવું કે કઇક વિશેષ કે અલગ કરવું, તો તમે એના માટે તમે એક લખાણ કરી શકો. દા.ત. તમોને દેહ દાન, ચક્ષુ દાન, કે શરીરના બીજા કોઈ અંગોનું દાન કરવાની ઈચ્છા હોય, કે તમારા મૃત્યુ બાદ તમારા સંતાનો કોઈ વિધિ કે કર્મ કાંડ કરે કે ન કરે, કે મોટી મોટી જાહેરાતો ના કરે વિ. વિ. એવી ઇચ્ચ્છાઓ હોય તો તમે તમારી આવી ઇચ્છાઓનું લખાણ કરી શકો. આવા લખાણને અંતિમ ઇચ્છાઓ કહે છે.

(૨) આવા લખાણ ને સાદા કાગળ ઉપર લખી શકાય કે ઉપરોકત જણાવ્યા મુજબ બીજી કોઈ પણ રીતે સંતાનોને, કુટુંબીજનોને કે લગતા વળગતાને તમારી આ ઈચ્છાઓ જણાવી શકાય. આવા લખાણ માટે સહી, સાક્ષી કે ડોકટરના સર્ટીફીકેટ વિ. ની કોઈ પણ વિધિની કે બીજી કોઈ પણ કાયદાકિય જરૂરિયાત હોતી નથી. ફક્ત તમારી ઇચ્છાઓ સ્પષ્ટ રીતે વર્ણવી જોઈએ. આવું કોઈ લખાણ કરો તો એની એક એક નકલ-કોપી કે એની જાણકારી તમારાં સંતાનોને, કુટુંબીજનોને કે લાગતા વળગતાને ઉપરોક્ત જણાવ્યા મુજબ કોઈ પણ રીતે આપી શકાય કે ફક્ત મૌખિક રીતે કે વાંચીને પણ સંભળાવી શકાય.

આવા લખાણનું પણ બહુ કાયદાકિય સ્વરૂપ હોતું નથી. એટલે જો કોઈ સંતાન કે કુટુંબીજન તમારી આવા લખાણમાં લખેલી વાત ન માને, તમારી ઇચ્છાઓનું પાલન ના કરે કે, લાગણીવશ થઇને કે સામાજિક કારણોસર કઈક અલગ રીતે વર્તન કરે તો એ વિષે ઝાઝું કાઈ ન થઇ શકે. આવું લખાણ ફક્ત માર્ગદર્શન તરીકેનું જ ગણાય.

(૩) આવા લખાણનો સૌથી મોટો એક ફાયદો એ હોય છે કે તમે જો કોઈ રૂઢીચુસ્તતામાં માનતા ન હો અથવા આવી રૂઢિચુસ્તતા પાછળ થતા ખર્ચને અટકાવવાં માંગતા હો અને એને બદલે એ રકમ કોઈ દાન-ધર્માદામાં આપવા ઇચ્છતા હો તો આવું લખાણ જરૂરથી કરવું જોઈએ જેનાથી તમારા સંતાનો કે કુટુંબના સભ્યો કૌટુંબિક રીત-રીવાજ કે સમાજની લાજ-શરમને કારણે ખોટા પૈસાનો ખર્ચ-વ્યય થતો બચાવી શકાય.

**૨.૪ <u>સંયુકત વિલ:</u>** ઘણા લોકો પતિ-પત્ની વિ. નું સંયુક્ત એટલે કે જોઈન્ટ વિલ બનાવે છે કે બનાવવાની સલાહ આપે છે. આની પાછળનો ઉદ્દેશ સમજાતો નથી. જો ફક્ત મહેનત કે ખર્ચ બચાવવા માટે આમ કરતાં હોય તો એ હિતાવહ નથી. એનું એક કારણ તો બહુ જ સ્પષ્ટ છે કે વિલ એનાં બનાવનારના મૃત્યુ પછી જ અમલમાં આવે છે. આપણે એ પણ જાણીએ છીએ કે બંને વિલ

બનાવનાર પતિ અને પત્ની, સાથે તો જવાનાં નથી. એટલે જો સંયુકત વિલ બનાવ્યું હોય તો એ ક્યારે અમલમાં આવે? બેમાંથી એક નાં રહે ત્યારે કે બંનેનાં મરણ પછી? માની લ્યો કે બંનેનાં મરણ પછી અમલમાં આવે. તો આવા સંજોગોમાં વિલ બનાવનાર બે વ્યકિતમાંથી જો કોઈ એકનું અવસાન થાય અને બીજી વ્યક્તિ જીવંત હોય તે દરમ્યાન સંપત્તિનાં માલિકી હક્કો નું શું થાય? બીજું, જો બેમાંથી કોઈ એક વ્યક્તિનું અવસાન થાય અને બીજી હયાત રહેલ વ્યક્તિને વિલમાં લખેલી સંપત્તિમાંથી કઇ પણ ફેરફાર કરવાં હોય દા.ત. વેચવાની જરૂર પડે તો શું થાય? કારણકે એ જોઈન્ટ વિલ હજી અમલમાં આવ્યું ન હોય અને સંપત્તિ એમનાં નામે થઇ ના હોય વિ.વિ. એટલે આવી બધી ગૂંચવણો ઉભી થવાની સંભાવનાને દુર કરવા પતિ-પત્ની ના અલગ અલગ જ વિલ કરવા હિતાવહ છે.

## ૨.૫ <u>મૌખિક વિલ:</u>

ઘણીવાર, અમુક સંજોગોમાં મૌખિક વિલ પણ ચાલે. જેમકે કોઈ વ્યક્તિ મરણ પથારીએ હોય અથવા ગંભીર પ્રકારનો અકસ્માત થાય અને એને એવું લાગે કે હવે એનો આખરી સમય આવી ગયો છે તો એવી વ્યક્તિ એમની પાસે હાજર રહેલા કુટુંબીજનોને કે

બીજા જે કોઈ હાજર હોય એને મૌખિક રીતે એમની આખરી ઇચ્છાઓ કે સંપત્તિની વહેચણી વિષે કહી શકે. પરંતુ આ એક અલગ જ વિષય છે. એની ઝાઝી વિગતમાં આપણે અત્યારે અહિયાં નહી જઈએ.

## ૨.૬ <u>મરણોત્તર અમલમાં આવે એવું સંપત્તિની વહેંચણી માટેનું વિલ:</u>

(૧) હવે આપણે વાત કરીએ એવા કાયદાકિય લખાણ ઉપર જેને સામાન્ય રીતે આપણે વિલ-વસિયતનામાં તરીકે ઓળખીએ છીએ જેમાં વિલકર્તા એમનાં મૃત્યુ પછી એમની સંપત્તિનું કઇ રીતે વહેચણી / વિતરણ કરવું એ વિષે લખાણ કરે છે.

(૨) આ એક બહુજ મહત્વનું અને કાયદાકિય સ્વરૂપવાળું લખાણ છે. એટલે એ લખાણ બહુ જ વ્યવસ્થિત હોવું જરૂરી છે. એટલે આ લખાણ બહુજ ધ્યાન પૂર્વક અને વિલ કર્તાની બધી જ આજ્ઞાઓ અને ઈચ્છાઓને સાંકળી લે એવું હોવું જોઈએ કારણકે જયારે વિલનાં અમલીકરણનો વખત આવે ત્યારે વિલ કર્તાતો હયાત હોતા નથી.

(૩) હવે વિલ કેવી રીતે બનાવવું, કે જેનાથી એમાં કાયદાકીય રીતે જરૂરી બધી જ વિગતો અને વિધિઓ આવી જાય એટલે એના અમલીકરણ માં કોઈ વિઘ્ન ન આવે એ વિષે હવે આપણે વાત આગળ વધારીએ.

# <u>પ્રકરણ – ૩</u>

## <u>મરણોત્તર વિલ વિશે વધુ</u>

## ૩.૧. <u>વિલનો મરણોત્તર અમલ થાય:</u>

સૌથી પહેલી વાત, વિલ એના બનાવનારનાં મૃત્યુ પછીજ અમલમાં આવે છે. એટલે વિલ બનાવનારે એવી કોઈ ગેરસમજણમાં નાં રહેવું કે વિલ બનાવ્યું એટલે પોતાના કાંડા કાપી આપ્યા અને વિલમાં લખેલ વ્યક્તિ એ સંપત્તિનો તુરતજ માલિક થઇ ગયો. નાં એવું કઇ નથી. વિલ બનાવનાર જ્યાં સુધી જીવતા હોય ત્યાં સુધી એની બધી સંપત્તિનો એ પોતે પૂરે-પૂરો માલિક રહે છે. અને કોઈના પણ નામે વિલ બનાવ્યું હોય છતાં પોતાના જીવનકાળ દરમ્યાન એ સંપત્તિનો  એ પોતે જેમ ઇચ્છે એ પ્રમાણે વહેવાર કરી શકે, દા.ત. વેચી શકે, ધર્માદો કે ભેટ-બક્ષીસ આપી શકે, વિ. વિ. આવું કઇ પણ કરવામા જેના નામે સંપત્તિ લખી હોય એ વ્યક્તિનો કોઈ પણ જાતની હક્ક, અધિકાર કે દખલ ના ચાલે. માનો કે કોઈ એક વ્યક્તિએ વિલ કરીને પોતાનો ફ્લેટ એના દિકરાને મળે એવું લખ્યું. પરંતુ ત્યારબાદ કોઈ પણ કારણસર એમને એ ફ્લેટ વેચવો છે તો એમણે એ દિકરાને પૂછવાની કે એની રજા-મંજુરી લેવાની જરૂર નથી. કે દિકરો હા-ના કે બીજી કોઈ દખલ કરી ના શકે. વિલ બનાવનારને જે કઇ કરવું હોય એ કરી શકે.

## ૩.૨ ગમે તેટલી વાર બદલી શકાય

બીજી વાત, વિલ બનાવ્યા પછી વિલને ગમે તેટલીવાર બદલી શકાય. અને નવું વિલ બનાવો કે જુનું વિલ એની મેળે રદ્દ બાતલ થઇ જાય. નવા વિલ બનાવતી વખતે કોઈ સંપત્તિ જૂનાં વિલ મારફત જો બીજી કોઈ વ્યક્તિનાં નામે લખી હોય તો એવી વ્યક્તિની કોઈ પણ રજા કે મંજૂરી લેવાની જરૂર હોતી નથી. અને એની કોઈ દખલ પણ રહેતી નથી. દા. ત. પહેલા વિલ મારફત તમે તમારો ફ્લેટ મોટા દિકરાને નામે લખ્યો હોય અને કોઈ પણ કારણસર તમારો વિચાર બદલાય અને હવે તમે એ ફ્લેટ તમારા નાના દિકરાના નામે કે દિકરીના નામે કરાવા ઈચ્છતા હો તો એ બાબત નવું વિલ કરતી વખતે મોટા દિકરાની કોઈ પણ જાતની રજા-મંજુરી ની જરૂર રહેતી નથી. અને મોટા દિકરાની એ બાબતમાં કોઈ પણ જાતની દખલ પણ ના ચાલે.

### (અ) વિલમાં ફેરફાર કરવાની રીતો:

એક વાર વિલ બનાવ્યા પછી ફેરફાર કરવાની ઈચ્છા કે જરૂર પડે તો એ બે રીતે થઇ શકે.

(બ) <u>નવું વિલ બનાવીને:</u>

ઉપરોક્ત જણાવ્યાં મુજબ કોઈ પણ વ્યક્તિ એક વિલ બનાવે એટલે એ વિલની અગાઉ બનાવેલાં બધા જ વિલ એની મેળે જ (automatically) રદ્દબાતલ થઇ જાય છે. પરંતુ તોય નવા વિલમાં એ વિષે સ્પષ્ટ રીતે લખવું હિતાવહ છે.

(ક) <u>જુના વિલ માં ફેરફારો ઉમેરીને.</u> જો કોઈ પણ કારણોસર જુના વિલ ને પૂરેપૂરું રદ્દ બાતલ નાં કરવું હોય તો જુના વિલમાં ફક્ત સુધારા વધારા કરતુ લખાણ પણ અલગથી કરી શકાય જેને કાયદાકિય ભાષામાં કોડીસિલ–codicil કહેવાય છે. જો આ કોડીસિલ વ્યસ્થિત રીતે બનાવ્યું હોય તો એ વિલનો એક ભાગ જ બની જાય છે. આવા કોડીસિલ બનાવવાનો ફાયદો એ છે કે વિલમાં જે સુધારા વધારા કરવાના હોય એટલા પુરતું જ નવું લખાણ કરવું પડે. લખાણ ફક્ત સુધારા વધારા પુરતું સીમિત રાખી શકાય. જુના વિલમાં લખેલી બધી જ બાબતોનું ફરીવાર વિવરણ કરવાની જરૂર રહેતી નથી. પરંતુ આવા કોડીસિલનો એક મોટો ગેરફાયદો એ છે કે જો કોડીસિલમાં લખાણ બરાબર ન લખાણું કે એમાં કોઈ ક્ષતિ રહી ગઈ તો ગુચવાડો ઊત્પન્ન થઈ શકે. એટલે બને ત્યાં સુધી નવું વિલ કરવું જ હિતાવહ છે.

## 3.3 વિલ કઇ ભાષામાં હોવું જોઈએ:

(૧) હવે આપણે વિલ કઇ ભાષામાં હોવું જોઈએ એ વિષે સમજીએ. કાયદામાં વિલ કઇ ભાષામાં હોવું જોઈએ એના વિષે કોઈ જોગવાઈ નથી. એટલે વિલ કોઈ પણ ભાષામાં થઈ શકે. સામાન્ય રીતે જે ભાષા ચલણમાં હોય કે સમજી શકાય એવી કોઈ પણ ભાષા જેવી કે અંગ્રેજી, હિન્દી, અથવા તમે જે રાજયમાં રહેતા હો એ રાજ્યની ભાષા કે તમારી માતૃભાષામાં થઇ શકે. અંગ્રેજી ભાષામાં બનાવવાનો મોટો ફાયદો એ છે કે એ ભાષા આપણા દેશમાં બહુજ પ્રચલિત છે અને મોટા ભાગનાં લાગતાં વળગતાં લોકો અંગ્રેજી ભાષા જાણતા જ હશે. ખાસ કરીને કોર્ટ, કચેરી, વકીલો કે તમે જે સોસાયટીમાં રહેતા હો એની કમિટીનાં સભ્યો વિ. અંગ્રેજી ભાષા બહુ સરળતાથી વાંચી-સમજી શકે છે. એટલે કોઈએ એને સમજાવવા માટે તરજુમો કરી આપવાની જરૂર ના પડે. જો તમે બીજી કોઈ ભાષામાં લખ્યું હોય અને એ ભાષા લાગતા-વળગતા લોકો જાણતા નાં હોય તો એનો કાયદેસરનો તરજુમો કરવાની જરૂર પડે.

(૨) પરંતુ વિલ અંગ્રેજી ભાષામાં કરવાથી એક મુશ્કેલી પણ ઉભી થઇ શકે છે. જો વિલ બનાવનારને અંગ્રેજી ભાષા જ ન આવડતી

હોય તો એ વિષય ઉપર વાદવિવાદ ઉભો થઇ શકે કે વિલ બનાવનારને જયારે અંગ્રેજી ભાષા આવડતી જ નહોતી તો એણે લખાણ ઉપર શું વાંચ્યા-સમજ્યા વગરજ સહી કરી નાખી? અને પછી એને લીધે કાયદાની આંટી ઘુટી અને વાદ-વિવાદ ઉભો થઇ શકે. એટલે, જો વિલ બનાવનારને ૨-૩ ભાષા આવડતી હોય તો જે સૌથી વધુ ચલણમાં હોય એવી ભાષામાં બનાવવું, નહિ તો પછી માતૃભાષામાં બનાવવું હિતાવહ છે.

## ૩.૪ વિલ સ્ટેમ્પ પેપર ઉપર હોવું જરૂરી છે?

વિલ સ્ટેમ્પ પેપર ઉપર બનાવવું જરૂર નથી. કોરા કાગળ ઉપર બનાવી શકાય. સ્ટેમ્પ પેપર ઉપર બનાવવાથી એની કોઈ કાયદાકિય મુલ્ય વધી જતું નથી. હા ફક્ત એક જ નાનકડો આડકતરો ફાયદો એ થાય કે જો વિલ સ્ટેમ્પ પેપર બનાવ્યું હોય તો વિલ બનાવ્યાની તારીખ વિષે જાજા વાદ-વિવાદો ટકી ના શકે. કેમ કે સ્ટેમ્પ પેપર ઉપર સ્ટેમ્પ-પેપર ઇસ્યુ થયાની તારીખ લખેલી હોય છે.

## ૩.૫ વિલનું લખાણ હસ્તાક્ષરમાં, ટાઈપીંગ કરેલું કે છાપેલું હોવું જરૂરી છે?

કાયદાકિય રીતે આવી કોઈ જોગવાઈ કે જરૂરિયાત નથી. વિલ પોતાના કે બીજા કોઈના  હસ્તાક્ષરમાં પણ હોઈ શકે. હસ્તાક્ષરમાં હોય તો એટલું ધ્યાન રાખવાનું કે એ વાંચી અને સમજી શકાય એવા સ્પષ્ટ  અક્ષરોમાં હોવું જોઈએ.

## ૩.૬ <u>વિલ ને રજીસ્ટર કરાવવું જરૂરી છે?</u>

વિલને રજીસ્ટર કરાવવું જરૂરી નથી. પરંતુ જો રજીસ્ટર કરાવો તો એની કાયદાકિય માન્યતા વધી જાય. દા.ત. વિલ બનાવવાની તારીખ વિષે, બનાવનારની શારીરિક કે માનસિક સ્થિતિ વિષે વાદ વિવાદ બહુ ના થઇ શકે.

વિલ રજીસ્ટર કરાવવું હોય તો પણ એ સ્ટેમ્પ પેપર હોવું જરૂરી નથી. સાદા કાગળ ઉપર બનાવેલું વિલ પણ રજીસ્ટર થઇ શકે.

વિલ રજીસ્ટર કરવાનાં બે ગેરફાયદાઓ પણ છે. એક, ભલે વિલ રજીસ્ટ્રેશન માટે કોઈ stamp duty ના લાગે પણ રજીસ્ટ્રેશન વિ. નો ખર્ચ થાય. અને બીજું, રજીસ્ટર કરેલાં વિલમાં જો કોઈ ફેરફાર કરવાં હોય કે એને કેન્સલ-રદ્દબાતલ કરવું હોય તો એવા ફેરફારવાળા નવા વિલને કે કેન્સલ-રદ્દબાતલ કરતાં લખાણને પણ રજીસ્ટર કરાવવું પડે.

## ૩.૭ વિલ મારફત શું શું આપી શકાય?

(૧) પહેલી નજરે આ વાતની ચર્ચા કરવી બહુ જ બિનજરૂરી કે હાસ્યાસ્પદ લાગે. સામાન્ય રીતે જે કોઈ સંપત્તિ આપણી પોતાની માલિકીની હોય એને આપણે વિલ મારફત આપી શકીએ. આ વાત તો સાવ સામાન્ય લાગે છે. અને એ માટે કોઈ ચર્ચાની જરૂર નાં લાગે.  પરંતુ આ વાતને આપણે થોડા ઊંડાણમાં ઉતરી ને સમજશું તો સમજાશે કે પોતાની માલિકીની સંપત્તિ એટલે શું? એ જાણવું બહુ જરૂરી છે.

(૨) પહેલી વાત એ કે વિલ બનાવનાર એ જ સંપત્તિનું વિલ બનાવી શકે કે જે એની પોતાની માલિકીની હોય. જે સંપત્તિ ઉપર પોતાનો  માલિકી હક્ક ના હોય એ સંપત્તિ વિલ મારફત ના આપી શકાય. પછી ભલે એ સંપત્તિ એનાં નામે, કબજામાં કે વપરાશમાં હોય. એટલે જ તમે તાજમહાલ કે ગેઈટ વે ઓફ ઇન્ડિયાને તમારા વિલ મારફત કોઈને આપી ના શકો. કે તમારો કોઈ ભાડુઆત તમારી જગ્યા એના વિલ મારફત કોઈને આપી ના શકે.

(૩) હવે અહી તમારી પાસેની કઇ સંપતિમાં તમારો પોતાનો કેટલો હક્ક કે હિસ્સો છે એ જાણવું જરૂરી છે. કારણકે તમે વિલ મારફત તમે ગમે તેટલો હક્કહિસ્સો કોઈને આપો પરંતુ એ સંપતિમાં તમારો

જેટલો હક્ક કે હિસ્સો હોય એટલો જ એમને મળે. કોઈ સંપતિ ભલે તમારે નામે પૂરે-પૂરી હોય પરંતુ કાયદાકિય રીતે તમે જો એના સમ્પૂર્ણ માલિક નાં હો, તમારા ભાગે અમુક ટકા જ હક્ક-હિસ્સો હોય તો તમે આખે આખી સંપતિ તમારા વિલ મારફત કોઈને આપી ના શકો અને આપો તો ય એ વ્યક્તિને આખે આખી સંપતિ ના મળે. એ સંપતિ માં તમારો જેટલો હક્ક કે હિસ્સો હોય એટલો જ એને મળે. દા. ત. કોઈ સોસાયટીમાં એક ફ્લેટ તમારા નામે છે. આ ફ્લેટ તમારા નામે એક નોમીની ની રૂએ થયેલો, કારણ કે જેની માલિકીનો આ ફ્લેટ હતો, તમારા પતિ, પત્ની, પિતાશ્રી કે માતુશ્રી એમણે તમારા નામનું નોમિનેશન કરેલું. એટલે એ સોસાયટીએ એ ફ્લેટ તમારા નામે કરી આપેલો. પરંતુ સાથે સાથે એ મરનાર વ્યક્તિએ, એ ફ્લેટ માટે તમારા નામનું કોઈ વિલ ના બનાવ્યું હોય તો એ ફ્લેટ તમારાં નામે ફક્ત એક નોમિની તરીકે જ રહે. પુરેપુરા માલિક તરીકે નહિ. એટલે તમે એ ફ્લેટનાં ફક્ત એક ટ્રસ્ટી તરીકે ધારણ કરી રહ્યા છો અને એના ખરા માલિકી હક્ક મરનાર વ્યક્તિને જે કાયદો લાગુ પડતો હોય એ કાયદા પ્રમાણે નક્કી થાય. એટલે આવા સંજોગોમાં ફ્લેટનો અમુક ટકા હિસ્સો જ કદાચ તમારો ગણાય ને બાકીનો હિસ્સો બીજા વારસ નો ગણાય. એ જે બીજા વારસોનો હિસ્સો છે એ હિસ્સો તમે તમારા વિલ મારફત બીજા

કોઈને તમે આપી ના શકો. એવીજ રીતે જો કોઈ રકમ તમોને જીવન વીમા કંપની તરફથી કે બીજે ક્યાયથી “નોમીની” તરીકે મળી હોય તો એ રકમના તમે પૂરે પુરા માલિક ન ગણાવ. એમાં કાયદેસર તમારો જેટલો હિસ્સો હોય એટલાં જ હિસ્સાના તમે માલિક ગણાવ અને બાકીની રકમનાં તમે એ રકમના તમે એનાં કાયદેસરના વારસના ફક્ત “ટ્રસ્ટી” ગણાવ. એટલે એ રકમ ભલે તમોને જીવનવીમા કંપનીમાંથી મળી ગઈ  પણ તમો એ રકમનાં પુરેપુરા માલિક નથી અને એટલે તમે એ રકમ પુરેપુરી વાપરી નાં શકો કે તમારા વિલ મારફત બીજા કોઈને આપી ના શકો. અને જો વિલ મારફત આપો તોય એ વ્યક્તિને નાં મળે કારણ કે તમે એ મિલકતનાં માલિક જ નહોતા. એવીજ રીતે તમારી સ્વપાર્જિત મિલકત તમે જે રીતે ઈચ્છો એ રીતે કોઈને પણ આપી શકો. તમારા કુટુંબીજન કે સગાં-સબંધી ના હોય એવી વ્યક્તિને પણ. પરંતુ તમે જો કોઈ વડીલોપાર્જિત મિલકતના માલિક હો તો તમે તમારી ઈચ્છા મુજબ કોઈને આપી ના શકો. એમાં તમારા કાયદેસરનાં વારસનો  હક્ક પહેલેથીજ રોપાઈ રહેલો હોય છે. કોઈ પત્નીને એનાં પતિ પાસેથી વિલ મારફત કોઈ મિલકત મળે તો એ બધી જ મિલકત વડીલોપાર્જિત ગણાય.

(૪) આ વાત આપણે એક ઉદાહરણથી સમજીએ તો વધુ સ્પષ્ટ સમજાશે. એક મહેશભાઈનો એમની પોતાની માંલીકીનો એક ફ્લેટ એક સોસાયટીમાં હતો. આ ફ્લેટ એમણે પોતાની કમાણીમાંની રકમમાંથી લીધેલ હતો. એટલે કાયદાકિય રીતે એ મહેશભાઈ એ ફ્લેટના  સમ્પૂર્ણ માલિક હતા. એ મહેશભાઈનાં ત્રણ વારસ હતાં. એમનાં પત્ની રમાબેન, એક દિકરો રમેશ અને એક દિકરી ભાવના. મહેશભાઈના જીવનકાળ દરમ્યાન જ ભાવનાનાં લગ્ન થઇ ગયા હતાં અને એ એના સાસરે રહેતી હતી.

(૫) આ મહેશભાઈએ પોતાના આ ફ્લેટ માટે એમના જીવનકાળ દરમ્યાન જ એમનાં પત્ની રમાબેનનાં નામે સોસાયટીમાં નોમીનાશન કર્યું હતું અને સોસાયટીએ એ નોમીનેશન સ્વીકારી પણ લીધું હતું. મહેશભાઈ કોઈ વિલ બનાવ્યું નહોતું. મહેશભાઈના મૃત્યુ બાદ સોસાયટીએ એ ફ્લેટ એમનાં પત્ની રમાબેનનાં નામે એ નોમીનાશની રૂએ કરી આપ્યો હતો.

એ ફ્લેટ પોતાના નામે થઇ ગયા પછી રમાબેને એ ફ્લેટ એમનાં મૃત્યુ પછી એમનાં દીકરા રમેશને પૂરેપૂરો મળે એટલા માટે રમેશનાં નામનું નોમીનેશન ફોર્મ ભર્યું હતું. સોસાયટીએ એ ફોર્મ પણ સ્વીકારી લીધું હતું. રમાબેને એક વિલ પણ બનાવ્યું અને એ વિલમાં આ ફ્લેટ રમેશને પૂરે પૂરો મળે એવું લખાણ પણ કર્યું હતું.

ત્યાર બાદ, રમાબેનના મૃત્યુ પછી એ રમેશભાઈએ એ ફ્લેટ ઉપરોક્ત નોમીનાશન ફોર્મની રૂએ પોતાનાં નામે કરવા સોસાયટી ને અરજી કરી.

(૬) આ વખતે પે'લી દિકરી ભાવનાએ સોસાયટી પાસે વાંધો ઉઠાવ્યો કે એમનાં પિતાશ્રી મહેશભાઈએ એમનાં જીવનકાળ દરમ્યાન કોઈ વિલ જ બનાવ્યું નહોતું. ફક્ત રમાબેન ના નામનું નોમીનેશન કર્યું હતું એટલે મહેશભાઈનાં મૃત્યુ પછી એ ફ્લેટમાં રમાબેન, રમેશભાઈ અને એમનો પોતાનો એમ ત્રણ સરખા હક્ક થઇ ગયા હતાં. એટલે એ ફ્લેટમાં એ ભાવનાબેનનો ૧/3 હક્ક-હિસ્સો બને છે. ફ્લેટ રમાબેનનાં નામે થઇ ગયો હોવા છતાં એ ફ્લેટમાં રમાબેનનો હક્ક-હિસ્સો ફક્ત ૧/3 ભાગનો હતો, બાકીના ૨/3 ભાગનાં હિસ્સા ઉપર બંને સંતાન રમેશ અને ભાવનાનાં સરખાં ભાગે હક્ક છે. અને રમાબેન ભલે એમનાં જીવનકાળ દરમ્યાન એ ફ્લેટમાં રહ્યાં કે એ ફ્લેટ વાપર્યો પરંતુ એ ૨/3 હિસ્સાનાં તો રમાબેન ફક્ત એક ટ્રસ્ટી જ હતાં. અને જ્યાં સુધી રમાબેનનાં રમેશને નામે એ ફ્લેટ નોમીનેશન કે વિલ મારફત કરવાનો સવાલ છે, તો એ ફ્લેટમાં રમાબેનનો પોતાનો જેટલો હક્ક કે હિસ્સો હોય એટલા જ હક્ક-હિસ્સા માટે રમાબેન પોતાનું નોમિનેશન કે વિલ કરી રમેશને આપી શકે. ભાવનાબેનનો એ ફ્લેટમાં ૧/3 હક્ક-હિસ્સો

તો મહેશભાઈના મૃત્યુ સમયે જ થઇ ગયેલો. કેમકે કે મહેશભાઈએ કોઈ વિલ કર્યું જ નહોતું. એટલે ભાવનાબેનનો ૧/3 હિસ્સો રમાબેન એમનાં વિલ મારફત કે નોમીનેશન મારફત રમેશને કે બીજા કોઈને આપી જ ના શકે. વિ.વિ. એટલે આ ફ્લેટની બાબત ગોટે ચડી ગઈ.

(૭) જો મહેશભાઈએ એમનાં જીવનકાળ દરમ્યાન એ ફ્લેટ માટે નોમિનેશનની સાથે સાથે એક વિલ પણ બનાવ્યુ હોત અને વિલ મારફત એ ફ્લેટ રમાબેનને સંપૂર્ણપણે આપી દીધો હોત તો કદાચ આવો વિખવાદ જ ન થાત. ટૂંકમાં સમજવાનું એ છે કે વિલ બનાવવું કેટલું જરૂરી છે અને વિલ બનાવતી વખતે વિલ બનવાનારનો એ સંપત્તિમાં કેટલો હક્ક કે હિસ્સો છે એ જાણવું અને એ પ્રમાણે વિલ કરવું કેટલું જરૂરી છે.

(૮) અહીં આપણે થોડો વિષયાંતર કરીને આ નોમિનેશનને જ લગતી એક બીજી બાબત ઉપર થોડી વાત કરીએ. એ છે જોઈન્ટ બેંક એકાઉન્ટમાં પડેલી કે બેંકની ફિક્સ ડીપોઝીટની રકમના માલિકી હક્કો વિષે.

(૯) આપણે ઉપર સમજ્યાં કે જો તમોને નોમીનેશનની રૂએ જીવન વીમા કંપનીમાંથી કોઈ રકમ મળે તો તમે એ રકમનાં માલિક ના

બની જાવ. તમે ફક્ત ટ્રસ્ટી રહો અને એ રકમ તમારે એના ખરા માલિકને આપી દેવી પડે.

(૧૦) એવી રીતે બેંકનાં એકાઉન્ટમાં કે બેંકની ફિક્સ ડીપોઝીટમાં મૃતકના પોતાના એકલાનાં નામે કે જોઈન્ટ નામે રહેલી રકમનું એ વ્યક્તિના અવસાન પછી શું થાય? આનો જવાબ જીવન વીમાની રકમ સંદર્ભે કરેલી વાત જેટલો સીધો કે સરળ નથી. જરા અલગ છે. બેંકનાં ખાતામાં કે ફિક્સ ડીપોઝીટમાં મૃતકના એકલાના નામે કે જોઈન્ટ નામે રકમ હોય તો એના માટે એ જાણવું જરૂરી બને છે કે એ રકમ ખરેખર કોની માલિકીની છે. એ બેંક ખાતામાં કે ફિક્સ ડિપોઝીટમાં એ રકમ આવી કઇ રીતે એનું વિશ્લેષણ કરી કેટલી રકમ મૃતકની માલિકીની છે અને કેટલી રકમ બીજા જોઈન્ટ હોલ્ડરની માલિકીની છે એનો હિસાબ કરવો પડે. મૃતકનાં મૃત્યુ પછી ભલે પુરેપુરી રકમ એના નોમિનીને કે જોઈન્ટ હોલ્ડરને મળી જાય પરંતુ જેટલી રકમ મૃતકની માલિકીની હોય એટલી રકમના માલિકી હક્કો જ મૃતકના નોમીનેશન કે વિલ પ્રમાણે મૃતકનાં વરસોમાં વહેચી શકાય. બાકીની જે રકમ મૃતક સિવાયના જે જોઈન્ટ હોલ્ડર હોય એની હોય તો એ રકમ એ જોઈન્ટ હોલ્ડર ની ગણાય અને એ જોઈન્ટ હોલ્ડર એનો હક્કદાર બને.

(૧૧) આ વાત ને આપણે એક ઉદાહરણથી સમજીએ. માનો કે એક બેંકનું ખાતું પતિ-પત્ની, રામભાઈ અને સીતાબેનનાં જોઈન્ટ નામે છે. પહેલું નામ પતિ રામભાઈનું અને બીજું નામ પત્ની સીતાબેનનું છે . એ ખાતું **EITHER OR SURVIROR** નાં સ્વરૂપે છે. આ ખાતામાં સીતાબેનનું નામ રામભાઈએ ફક્ત સગવડતા ખાતર નખાવ્યું હતું એમ વિચારીને કે એમનાં મૃત્યું પછી એ ખાતામાં પડેલી બધી રકમ જાજી કાયદાકિય કાર્યવાહી-વિધિ સિવાય, ફક્ત રામભાઈના મૃત્યુનો દાખલો આપવાથી સીતાબેનને મળી જાય. આ ખાતામાં ફક્ત રામભાઈની આવકનાં પૈસાનો વહેવાર થતો હતો. એટલે કોઈ પણ સમયે એ ખાતામાં રહેલી બધી જ રકમના માલિક હંમેશાં રામભાઈ જ હતા. એટલે આ રકમ જોઈન્ટ હોલ્ડીંગની રૂએ સીતાબેનને મળી તો જશે. પરંતુ સીતાબેન આ ખાતામાં રહેલી બધીજ રકમનાં પુરેપુરા કાયદેસરના માલિક બની જતા નથી. ખરી માલિકીતો રામભાઈની હતી. એટલે જો રામભાઈએ વિલ કર્યું હોય તો એ રકમ રામભાઈનાં વિલ પ્રમાણેનાં વારસોને મળે અને જો વિલ નાં કર્યું હો કાયદા પ્રમાણે રામભાઈના જે જે વારસો હોય એ વારસોને મળે. આ જ નિયમ બેંક ની ફિક્ષડ ડીપોઝીટો માટે પણ લાગુ પડે છે.

(૧૨) પરંતુ જો આ જોઈન્ટ ખાતામાં સીતાબેનની આવકની પણ જો કોઈ રકમ સાથે સાથે જમા થતી હોય, જેવી કે સીતાબેનનાં નામના ફ્લેટનું ભાડું, સીતાબેનની માલિકીની રકમ ઉપર વ્યાજ, સીતાબેનના નામે રહેલા શેર ઉપર મળેલું ડીવીડન્ડ વિ.વિ. તો આ સંજોગોમાં હિસાબ કરી રામભાઈના મૃત્યુ સમયે આ ખાતામાં રામભાઈ અને સીતાબેનની બન્નેની અલગ અલગ માલિકીની કેટ-કેટલી રકમ છે એ જાણવું પડે. અને હિસાબ પ્રમાણે જેટલી રકમ સીતાબેનની માલિકીની હોય એટલી રકમના જ સીતાબેન માલિક ગણાય. બાકીની રકમના સીતાબેન રામભાઈ નાં વારસનાં એક ટ્રસ્ટી જ ગણાય. આ જ નિયમ ફિક્ષ ડીપોઝીટો ઉપર પણ લાગું પડે છે.

આ જ મોટો ફરક છે જીવન વીમામાંથી મળેલી રકમ અને બેંક ખાતામાં રહેલી રકમ વચ્ચે.

# <u>પ્રકરણ – ૪</u>

## <u>સંપત્તિનાં વિતરણ માટેના વિલ બનાવતી વખતે ધ્યાનમાં રાખવા જેવી અગત્યની વાતો</u>

## ૪.૧ અગત્યની બાબતો:

(૧) હવે આપણે આવીએ સૌથી અગત્યની વાત ઉપર કે વિલ બનાવતી વખતે કઇ કઇ બાબત નું ધ્યાન રાખવું જોઈએ. કઇ કઇ બાબતો વિલમાં લખવી જોઈએ અને જો ન લખો કે લખવાનું રહી જાય તો વિલની કાયદેસરતા ઉપર કે અમલીકરણ ઉપર શું અસર થઇ શકે. આપણે એને ખામીઓ-defects કહેશું.

(૨) ખામીઓ-defects બે પ્રકારની હોય છે, પહેલી ખામીઓ એવી કે જેનાથી આખું વિલ જ ગેરકાયદેસર કે અમાન્ય થઈ જાય અને એનું અમલીકરણ જ ના થઇ શકે. દા.ત. જો વિલમાં વિલ બનાવનારે સહી જ ના કરી હોય, અથવા સાક્ષીઓએ સહી ના કરી હોય, અથવા વિલ બનનાર અને સક્ષીઓએ અલગ અલગ દિવસે કે અલગ સ્થળે સહીઓ કરી હોય. આવાં સંજોગોમાં એ વિલ આખે આખું અમાન્ય ગણાય અને એનું અમલીકરણ ના થઇ શકે.

(3) બીજી એવી ખામીઓ કે જેનાથી આખું વિલ ગેરકાયદેસર કે અમાન્ય ન થાય પણ એના અમલીકરણ કરતાં પહેલા આવી ખામીઓ દુર કરવી પડે. અને એના માટે જે જરૂરી હોય એ કાયદાકિય વિધિ-કાર્યવાહી કરવી પડે. એના સિવાય વિલનું

અમલીકરણ ના થઇ શકે. દા.ત. વિલમાં કોઈ વ્યક્તિની વિલ ના કર્તાહર્તા-**executor** તરીકે નિમણુક જ ના કરી હોય તો એવા વિલનાં અમલ બજાવણી કરવા માટે પહેલા કોર્ટમાં જઈ એના માટે કોર્ટનો આદેશ-order લેવો પડે. એટલે વિલમાં જરૂરી નીચે જણાવેલી બધી જ વિગતો ધ્યાન પૂર્વક લખવી અત્યંત જરૂરી છે.

૪.૨ <u>પૂરું નામ, ઉમર, સરનામું, વિ:</u> સૌથી પહેલા, વિલ બનાવનારનું પુરુ નામ, પિતાશ્રી કે પતિનું પૂરું નામ, ઉમર, હાલનું એટલે કે વિલ બનાવતી વખતનું સરનામું, વિલમાં જે જગ્યાએ સહી-સિક્કા થયા એ સ્થળનું નામ, અને આજનાં જમાનામાં આધાર કાર્ડ અને PAN નંબર, પાસપોર્ટ વિ. દ્વારા વિલ બનાવનારની પુરેપુરી ઓળખ આપવાં માટે જરૂરી છે. જો વિલકર્તા એક કરતાં વધારે નામે ઓળખાતા હોય તો બધાજ નામ લખવા હિતાવહ છે. સ્ત્રીઓની બાબતમાં જો લગ્ન પહેલાનું અને લગ્ન પછીનું નામ અલગ અલગ હોય તો બંને લખવા હિતાવહ છે. એજ પ્રમાણે ઉમર બાબતમાં પણ જો અલગ અલગ જગ્યાએ અલગ અલગ ઉમર લખી હોય તો સરકારી જન્મનાં દાખલામાં કે આધારકાર્ડ માં લખેલી ઉમેર લખવી હિતાવહ છે.

**૪.3 <u>અગાઉના વિલની વિગતો:</u>** હાલમાં જે વિલ બનાવી રહ્યા છો એ પહેલાં વિલ કર્તાએ જો કોઈ વિલ બનાવ્યું હોય તો એની વિગતો લખવી જરૂરી છે. શક્ય હોય તો અગાઉના વિલની અસલી **(original)** નકલ એને રદબાતલ કરીને આ નવા વિલ સાથે જોડવી સલાહકારક છે. અને આ વિલ મારફત અગાઉના બધાય વિલ તમે રદ્દબાતલ કરો છો એ પણ લખવું જરૂરી છે જેનાથી કોઈ ગુંચવણ કે શંકા જ ના રહે.

**૪.૪ <u>વારસો અને કુટુંબના સભ્યોની વિગતો:</u>** વારસો અને કુટુંબ નાં સભ્યોની વિગત લખવી કાયદેસર જરૂરી નથી. ના લખો તો પણ ચાલે. પરંતુ લખવી સારી. એનાથી વિલ બનાવનારની વિલ બનાવતા વખતની માનસિક સભાનતા વિ. નો ખ્યાલ આવે એમ લાગે કે વિલ બનાવનારે બરોબર પૂરે પૂરી સ્વસ્થ રીતે એના પુરા હોશો હવાસ-સભાનાતમાં આ વિલ બનાવ્યું છે.

**૪.૫ <u>કોઈ પણ વારસને વારસામાંથી સાવ બાકાત રાખવા હોય તો એની ટૂંકમાં વિગત:</u>** તમારા વારસોમાંથી કોઈ એક કે વધારે વારસોને તમે તમારી સંપત્તિનાં વારસામાંથી કોઈ પણ કારણસર બાકાત રાખવા માંગતા હો અથવા ઓછું-વધું આપવાં માંગતા હો તો તમે એના નામ કે કારણની વિગત લખી શકો.

જરૂરી નથી પણ લખવી સારી. કોઈ વારસને શું કામ બાકાત રાખો છો કે કોઈ વારસને શું કામ ઓછું-વધુ આપી રહ્યા છો એ જણાવો તો વધુ સારું. દા.ત. તમે તમારી દિકરીને એના લગ્ન વખતે તમારી મિલકતમાંથી તમારે જે કાઈ પણ આપવું હતું એ એના કરિયાવર સ્વરૂપે આપી દીધું હોય અને હવે વિલ બનાવતી વખતે તમે એમ ઈચ્છતા હો કે તમારી બાકીની બધી મિલકત તમારા બાકીનાં સંતાનોને મળે અને એ દિકરીને કાઈ ના મળે, તો તમે એ વાત સ્પષ્ટ રીતે જણાવી શકો જેથી કોઈના મનમાં શંકા કે ખટરાગ નાં રહે. પરંતુ કોઈ પણ વારસને સાવ જ બાકાત રાખવાં કરતાં એને થોડુ-ઘણું પણ આપવું સલાહકારક છે કે જેથી એ વિલની કાયદાકીય યોગ્યતા વિષે, કે એવી કોઈ નાની-મોટી બાબત ઉપર ખોટા કાયદાકીય વાંધાઓ ઉઠાવી ના ઉઠાવે.

## ૪.૬ <u>વિલના કર્તા-હર્તા-**Executor**-ની નિમણુક:</u>

(૧) વિલ બનાવનારનાં મૃત્યુ પછી વિલમાં લખેલી આજ્ઞાઓનું અમલીકરણ કરવા માટે કોઈક તો જોઈએને? એને વિલના **Executor** – કહેવાય. આપણે એને અહી “કર્તા-હર્તા” કહીશું. તો વિલમાં કર્તા હર્તા- **Executor**- ની નિમણુક કરવી અત્યંત જરૂરી છે. વિલનાં કર્તા-હર્તા- **Executor**- કોઈ પણ હોઈ શકે. જરૂરી નથી કે

વિલ બનાવનારના વારસ, કુટુંબીજન કે સગા-સંબંધી હોય. કોઈ વ્યવસાયિક, વકીલ-સોલીસીટર અથવા વિલનાં કર્તા-હર્તા- Executor- તરીકે કામ કરવાવાળી વ્યવસાયિક સંસ્થા કે કંપની પણ હોઈ શકે. વિલકર્તાએ વિલમાં એની નિમણુક કરતાં પહેલા જેમની નિમણુક કર્તા-હર્તા તરીકે કરવા ઈચ્છે છે એમની મૌખિક કે લેખીત સંમતિ લેવી સારી. કાયદાકિય જરૂરિયાત નથી પણ હિતાવહ છે. કારણકે નહીતો જો એ વ્યક્તિ જરૂર પડ્યે કોઈ પણ કારણસર નાં પડી દે તો મુશ્કેલી ઉભી થઇ શકે. વારસદારો એમની ઇચ્છાથી બીજા કોઈની નિમણુક ના કરી શકે. કોર્ટ માં જઈ કોર્ટનો આદેશ- order લેવો પડે. કારણકે **Executor** કર્તા-હર્તા ની નિમણુક કરવાનો હક્ક ફક્ત વિલ બનાવનારને જ હોય છે. એમનાં વારસો કે કુટુંબીજનોને નહિ.

(૨) આવા કર્તા-હર્તા- **Executor** ને તમે જો કાંઈ મહેનતાણું **(remuneration** કે **fees)** આપવાં માંગતા હો તો એની પણ વિગત લખવી જરૂરી છે. જો આવી કોઈ જોગવાઈ તમે કરી હશે તો એ બધાય વારસોને બંધનકર્તા રહેશે. બીજું, બને તો વિલમાં બીજી કોઈ એક વ્યક્તિની પણ વૈકલ્પિક કર્તા-હર્તા એટલે કે alternate **Executor**- તરીકે નિમણુક કરજો. જેથી કોઈ પણ

કારણસર જો પહેલો કર્તા-હર્તા-**Executor** વિલની અમલબજાવણી –**execution** કરવાની ના પાડી દે કે કોઈ કારણસર ના કરી શકે (દા.ત. એમનું મૃત્યુ થઇ ગયું હોય કે પરદેશમાં જઈને વસી ગયા હોય, કે અસમર્થ થઇ ગયા હોય, વિ.વિ.) તો એવા સમયે આવા વૈકલ્પિક કર્તા-હર્તા –**Altenate Executor-** વિલની અમલબજાવણી કરી શકે. આવા કર્તા-હર્તા –**Executor-** ની મુખ્ય ફરજ એ હોય છે કે વિલ બનાવનારની બધી સંપત્તિ એકત્ર કરી એના તાબામાં લે અને વિલમાં લખેલ આદેશ-આજ્ઞાઓ મુજબ એનું વિતરણ-વહેચણી વીલમાં લખેલ વરસોમાં કરે.

(૩) યાદ રાખજો, જો તમે વિલમાં કર્તા-હર્તાની **Executor** ની નિમણુક કરવાનું ચુકી ગયા હશો તો તમારું વિલ પૂરેપૂરું ગેરકાયદેસર કે અમાન્ય **(illegal કે invalid)** તો નહી ગણાય પરંતુ તમારા વારસોએ એના કર્તા-હર્તાની **Executor** ની નિમણુક કરવા માટે કોર્ટ-કચેરીમાંથી આદેશ-**order** લેવો જરૂરી બનશે. ઉપરોક્ત જણાવ્યા મુજબ વારસો એમની મેળે કોઈને વિલનાં કર્તા-હર્તા– **Executor** તરીકે નીમી ના શકે. એટલે તમે ગમે તેટલી મહેનત કરી વિલ બનાવ્યું હશે તો પણ તમારા ગયા પછી તુરત જ તમારા વારસો કોર્ટ-કચેરી-વકીલનાં ધક્કા ખાતાં થઇ જશે.

(૪) ઉપરોક્ત જણાવ્યાં મુજબ વિલનાં કર્તા-હર્તાની નિમણુંક કરવાનો હક્કતો ફક્ત વિલ બનાવનારને હોય છે. એટલે વિલમાં જો કર્તા-હર્તાની – **Executor** ની નિમણુક કરવાની રહી ગઈ હોય તો પછી એ વિલના લાભાર્થી કે વારસો એમની મેળે કોઈને વિલ ના કર્તા-હર્તા– **Executor** તરીકે નીમી ને સમ્પત્તિ ની વહેચણી નાં કરી શકે. એમ કરે તો આગળ જતા મુશ્કેલીઓ ઉભી થઇ શકે, ભલે પછી આવી નિમણુક દરેક લાભાર્થી, વારસ કે કુટુંબના સભ્યોની સર્વ સંમતીથી હોય. કારણકે  વિલની અમલ બજાવણી દરમ્યાન કે ત્યારબાદ જો કોઈ વારસ કોઈ પણ કારણસર વાંધો ઉઠાવે કે આ કર્તા-હર્તા **Executor**- ની નિમણુક કાયદેસર નથી (ભલે એણે આવી નિમણુક વખતે એની સંમતી આપી હોય, તો પણ)  તો બહુ મોટી મુશ્કેલી ઉભી થઇ શકે. કારણ કે વિલ નાં કર્તા-હર્તાની નિમણુંક કરવાનો હક્ક વિલકર્તાનાં મરણોત્તર ફક્ત કોર્ટ ને જ છે. એમનાં વારસો કે લાભાર્થીઓ ને નહિ.

૪.૭ <u>કર્જ કે દેવા ની વિગત:</u> વિલ બનાવતી વખતે જો તમારી માથે કોઈ કર્જ-દેવું હોય અને તમે એમ ઇચ્છતા હો કે તમારી સંપત્તિની વહેચણી તમારા વારસોમાં થાય એ પહેલા એ કર્જ-

દેવાની ચુકવણી તમારી સંપત્તિમાંથી થાય તો એ વાત જરૂરથી સ્પષ્ટ રીતે વિલમાં જણાવશો.

૪.૮ <u>દાન-ધર્માદાની ઈચ્છાની વિગત:</u> તમારી સંપત્તિની વહેચણી તમારા વારસોમાં થાય એ પહેલા એ સંપત્તિમાંથી તમે જો કોઈ રકમ કે ચીજ વસ્તુ દાન-ધર્માદામાં કે ભેટ-બક્ષીસમાં આપવાં ઈચ્છતા હો તો એ વાત સ્પષ્ટ રીતે લખો જેથી તમારા વારસો પછી એમાં કોઈ વાંધો ઉઠાવી ના શકે કે હા ના ન કરી શકે.

૪.૯ <u>વિલનાં અમલીકરણનાં ખર્ચ વિષે:</u> સામાન્ય રીતે વીલના અમલીકરણ-**execution** નો બધો જ ખર્ચ સંપત્તિમાંથી જ કરવાનો હોય. પરંતુ એ વિષે સ્પષ્ટ લખવું હિતાવહ છે.

૪.૧૦ <u>સંપત્તીની સંપૂર્ણ વિગતોનું વર્ણન:</u> સંપત્તિની સંપૂર્ણ વિગતો કે વર્ણન આપવું જરૂરી નથી. મભમ પણ લખી શકાય. પરંતુ વિગતો આપવી હિતાવહ છે. ખાસ કરીને સ્થાવર મિલકત એટલે કે **immovable properties** ની. એમાય જો તમે તમારી અલગ અલગ સંપત્તિ તમે તમારા અલગ અલગ વારસોને આપવાં ઈચ્છતા હો તો જરૂરથી વર્ણન કરો. જંગમ મિલકતનું એટલે કે - **movable properties-** નું બહુ વિગતવાર વર્ણન

કરવાની જરૂર નથી. મભમ રાખો તો પણ ચાલે. મભમ રાખવાની સલાહ પાછળ એક કારણ એ પણ છે કે વિલ બનાવતી વખતે કોઈ જંગમ મિલકત જે સ્વરૂપમાં હોય એ કદાચ મૃત્યુ સમયે એ સ્વરૂપમાં ના રહે. સ્વરૂપ બદલાઈ ગયું હોય. દા.ત. બેંકની ફિક્સ ડિપોઝીટનાં નંબરો, કોઈ શેર કે બોન્ડ વિ. હોય તો એની લે વેચના હિસાબે નામ / વિગત બદલાઈ જાય વિ.વિ. એટલે મભમ રાખવું હિતાવહ છે. પરંતુ તમે જો કોઈ અમુક ચોક્કસ ચીજ-વસ્તુ કોઈ એક ચોક્કસ વ્યક્તિને આપવાની ઈચ્છા ધરાવતા હો તો એનું વર્ણન કરી સ્પષ્ટ રીતે લખવું સારું.

## ૪.૧૧ <u>સંપત્તિની વહેચણી ની પુરી વિગત:</u>

(૧) હવે આવીએ આપણે સૌથી મહત્વની વાત, સંપત્તિની વહેચણીની વિગતો ઉપર. સંપત્તિની વહેચણી મુખ્યત્વે બે રીતે થઇ શકે. એક તો મભમ રીતે, એટલે કે કોઈ પણ સંપતીનું નામ કે વર્ણન કર્યા વગર તમે એમ લખી શકો કે મારા મૃત્યુ સમયે મારી જે કોઈ સંપતી હોય તે મારી પત્નીને કે મારા પતિને કે મારા સંતાનોને બરાબર કે અમુક ઠરાવિક ભાગમાં કે હિસ્સામાં મળે. અને વાત પૂરી. પરંતુ આમ કરવાથી ઘણી વાર મુશ્કેલીઓ પણ ઉભી થઇ શકે.ખાસ કરીને જો સંપત્તિ અવિભાજિત-**indivisible**-હોય તો.

દા.ત. કોઈ ઘર, ફ્લેટ, ચિત્ર-painting, કિમતી ઘરેણું વિ.વિ હોય તો આવી સંપત્તિનુ વિભાજન કરી વારસોને આપવું શક્ય નથી. અને એટલે એના વિતરણ વખતે વાદ-વિવાદ, મતભેદ કે મુશ્કેલી ઉભી થઇ શકે. એટલે આવા સંજોગોમાં હિતાવહ છે કે તમે આવી પરીસ્થીતીનો જરા અગાઉથી વિચાર કરીને  તમારી ઈચ્છા મુજબ વિતરણ કરવાની જોગવાઈ કરો.

(૨) બીજી રીત એ છે કે તમે તમારી દરેક સંપત્તિનુ વર્ણન કરો અને કઇ સંપત્તિ કોને મળે એ સ્પષ્ટ રીતે લખો. આવું કરવામાં એક મુશ્કેલી એ ઉભી થાય કે જો કોઈ સંપત્તિ વિલ બનાવતી વખતે જે સ્વરૂપમાં હોય એ મૃત્યુ સમયે ના રહે તો શું થાય? આવી પરિસ્થિતિ ઉત્પન્ન ન થાય એટલા માટે કોઈ સારા અને અનુભવી વકીલ કે વ્યાવસાયિક વિલ બનાવનારની મદદ લેવી હિતાવહ છે. વિલ બનાવવાનો થોડો ખર્ચ થાય પણ ઘણી બધી મુશ્કેલીઓમાંથી બચી જવાય.

(૩) જો તમે તમારી સંપત્તિ કોઈ એવી વ્યક્તિને આપવાં માંગતા હો કે જે વિલ બનાવતી વખતે અવયસ્ક-**minor**- ૧૮/૨૧ વર્ષથી નીચે ની ઊમરની હોય તો એ વયસ્ક ન થાય ત્યાં સુધી એના કોઈ

વાલીની નિમણુક કરો. આવા વાલી આ અવયસ્કનાં માતા-પિતા કે બીજી કોઈ વ્યક્તિ હોય શકે.

(૪) બીજી એક વાતનો બહુજ ખ્યાલ રાખવીની જરૂર છે કે વિલમાં વારસોનાં હિસ્સા માટે પણ વૈકલ્પિક વ્યવસ્થા રાખવી. એટલેકે તમે જેને તમારી કોઈ સંપત્તિ આપવાં માંગતા હો એ વ્યક્તિ જ જો તમારા મૃત્યુ વખતે હયાત નાં રહે તો એ વ્યકિતનાં હિસ્સાનું શું કરવાનું? એનો હિસ્સો સાવ નીકળી જ જાય એટલે કે રદ્દબાતલ થઇ જાય કે એની પાછળ છોડી ગયેલાં એનાં કુટુંબીજનો ને મળે, એ વિષે સ્પષ્ટતા જરૂરથી કરો.

(૫) આ વાત આપણે જરા વિગતમાં સમજીએ. માનો કે વિલમાં એમ લખ્યું હોય કે તમારી બધીજ સંપત્તિ તમારી પત્ની / પતિ અને તમારા બે સંતાનો વચ્ચે સરખે ભાગે વહેચવી. હવે માનો કે વિલકર્તાનાં મૃત્યુ પહેલા એક સંતાનનું મૃત્યુ થાય તો શું થાય? સંપત્તિનાં બાકી રહેલા બે વારસો વચ્ચે અડધા-અડધા ભાગમાં વહેચણી થાય, કે જે સંતાનનું મૃત્યુ થયું એ મૃત સંતાનનો હિસ્સો એ મૃત સંતાનના કુટુંબીજનોને મળે. એવી જ રીતે કોઈ દિકરીનાં વિલ બનાવ્યા પછી લગ્ન થઇ ને સાસરે જાય તો એનાં હિસ્સાનું શું થાય? આવી ઘણી બધી બાબતોમાં વાદ-વિવાદ થવાની

શક્યતાઓ હોય છે. એટલે આ વાતની સ્પષ્ટતા કરવી બહુ જ જરૂરી છે.

**૪.૧૨ <u>મધ્યસ્થી-arbitration- ની જોગવાઈ:</u>** ઘણીવાર એવું બને અથવા એવા સંજોગો ઉભા થાય કે વિલના અમલીકરણ દરમ્યાનજ વરસોમાં સંપત્તિની વહેચણીની બાબતમાં મતભેદ કે વિખવાદો ઉભા થાય. તો આવા સંજોગોમાં વારસોએ શું કરવું? કોર્ટ કચેરી વિ. માં કેસ કરવો, કોર્ટ, કચેરી, વકીલ વિ. ના ચક્કર / ખર્ચાઓ કરવા અને કોર્ટમાંથી ઓર્ડેર લાવવાં કે બીજી કોઈ રીત હોય શકે?

હા બીજી રીત છે. તમે એના માટે તમારા વિલમાં જ લખી શકો કે આવા સંજોગોમાં કોઈ ત્રાયત વ્યકિતનાં સમક્ષ તમારા મતભેદો રજુ કરી અને એ ત્રાયત વ્યક્તિનો નિર્યણ લેવાની જોગવાઈ કરી શકો. જેને કાયદાકિય ભાષામાં મધ્યસ્થી-**arbitration** કહે છે. અને આ ત્રાયત વ્યક્તિને **arbitrator** કહેવાય છે. આવા મધ્યસ્થીની નિમણુક કરવાનો એક મોટો ફાયદો એ થાય છે વાત ટુકમાં પતે અને કોર્ટ-કચેરી-વકીલના ચક્કર અને ખર્ચાઓમાંથી બચી જવાય. આવા મધ્યસ્થીની નિમણુક વિલમાં વિલ કર્તાએ ન કરી હોય તો પણ લાભાર્થી એમની મેળે નિમણુક કરીને વાતનો નીવડો લાવી

શકે છે. પરંતુ તો ય આ વાત સ્પષ્ટતાથી લખવી હિતાવહ છે. ઉપરોક્ત કર્તા-હર્તાની નિમણુકની બાબતમાં જે વાત કહી (કે વિલના લાભાર્થીઓને વિલના કર્તા-હર્તા નીમવાનો અધિકાર નથી) એ વાત મધ્યસ્થીની નિમણુક માટે લાગુ પડતી નથી.

## ૪.૧૩ સહી, સિક્કા, તારીખ, સાક્ષી વિ.

સૌથી મહત્વની વાત એ કે વિલમાં વિલ બનાવનારની સહી (અને જો વિલકર્તાને સહી કરતાં ને સહી કરતાં ન આવડતું હોય તો એના ડાબા હાથના અંગુઠાની છાપ) હોવી બહુજ જરૂરી છે. એવીજ રીતે બે સાક્ષીઓની સહી, વિલમાં સહી કર્યાની (કે અંગુઠો માર્યાની) તારીખ અને વિલમાં જે સ્થળે સહી-સિક્કા-સાક્ષી વિ. કર્યા એ સ્થળ નું નામ લખવું અત્યંત જરૂરી છે. વિલ બનાવનારે અને બંને સાક્ષીઓએ પોત-પોતાની સહીઓ એક બીજાની હાજરીમાં એક જ સમયે અને એક જ સ્થળે સાથે-સાથે જ કરવી અત્યંત જરૂરી છે. જો આમાં કઇ ગફલત થઇ તો આખે-આખું વિલ ગેરકાયદેસર કે ગેરલાયક -**illegal કે invalid**- થઇ શકે. વિલ માં શું લખ્યું છે એ સાક્ષીઓએ જાણવું જરૂરી નથી પરંતુ વિલકર્તાએ એની સહી (કે અંગુઠાની છાપ) એ બંને સાક્ષીની હાજરીમાં જ કરી છે એ વાત વિલમાં લખવી અત્યંત જરૂરી છે. વિલ જો વિલકર્તા ને ન આવડતી

હોય એવી ભાષામાં બનાવ્યું હોય તો, વિલમાં લખેલી વિગતો વિલકર્તાને એની માતૃભાષામાં કે વિલકર્તા જે ભાષા સમજતો હોય એ ભાષામાં તરજુમો કરીને કે મૌખિક રીતે સંભળાવ્યો અને એ વિલ બનાવનાર બધુજ બરાબર સમજ્યા છે એવું વિલકર્તાએ વિલમાં સહી કરતાં પહેલાં કબુલ કર્યું છે એવું સ્પષ્ટ રીતે વિલમાં લખવું અત્યંત જરૂરી છે. સાથે સાથે બંને સાક્ષીઓનાં પૂરા નામ, સરનામાં, સહી કર્યાની તારીખ, ઓળખ પત્ર (જેવું કે આધાર કાર્ડ વિ.) ની વિગત લખવી અત્યંત જરૂરી છે.

૪.૧૪. સાક્ષીઓ કોણ / કેવાં હોવા જોઈએ: આમ તો કાયદામાં સાક્ષીઓ કોણ કે કેવાં હોવા જોઈએ એ વિષે કોઈ જોગવાઈ નથી. પરંતુ સાક્ષીઓ વિલમાંના કોઈ પક્ષકાર એટલે કે લાભાર્થી, કુટુંબીજન વિ. ના હોય તો સારૂ. બીજું, સાક્ષીઓ નાની ઉમરનાં હોય તો વધું સારું. ત્રીજું, બની શકે તો સાક્ષીઓ કોઈ વ્યાવસાયિક વ્યક્તિઓ જેવાકે વકીલ, સી.એ., ડોક્ટર, એન્જીનીયર વિ. હોય તો સારું. કે જેથી ક્યારેય એમને કોર્ટ-કચેરીમાં હાજર થઇ વાત કરવી પડે તો વ્યસ્થિત રીતે કરી શકે.

૪.૧૫ ડોકટરી સર્ટીફીકેટ: વિલ જો રજીસ્ટર કરાવવું હોય તો વિલકર્તાની શારીરિક અને માનસિક તંદુરસ્તી સારી છે અને વિલ

કરવા લાયક છે એવું  ડોકટરી સર્ટીફીકેટની જરૂર પડે છે. નહીં તો જરૂર રહેતી નથી પરંતુ ડોકટરી સર્ટીફીકેટ વિલ સાથે જોડવું હિતાવહ છે. ડોક્ટર જો વિલમાં સાક્ષી તરીકે સહી કરે તો વધુ  સારું.

## ૪.૧૬ વિલની અસલી નકલ એટલે કે ઓરીજીનલ વીલને ક્યાં રાખવું?

વિલની અસલી નકલ એટલે કે ઓરીજીનલ નકલનું બહુજ મહત્વ છે. અસલી-ઓરીજીનલ નકલ વિના કોઈ પણ કાયદાકિય કાર્યવાહી શક્ય નથી. એટલે એ બરાબર સચવાઈ રહે, જરૂર પડ્યે મળે અને એને કોઈ ક્ષતિ નાં પહોચે એ બહુજ અગત્યનું છે. એટલે અસલ-ઓરીજીનલ નકલને એવી રીતે સાચવીને સલામત જગ્યાએ રાખવી જોઈએ જેવી કે, ઘરની તિજોરીમાં, બેંકના લોકરમાં, કુટુંબનાં કોઈ સભ્ય પાસે, વિ.વિ. કે પછી કોઈ વકીલ કે સોલીસીટરને કે બીજી કોઈ વિશ્વાસુ વ્યક્તિને સોંપી શકાય. કુટુંબનું જેવું વાતવરણ અને સંજોગો હોય એ પ્રમાણે નક્કી કરી શકાય. જો જરૂર પડ્યે અસલી નકલ ન મળે તો સંપત્તિ વેડફાઈ જવાની પણ શક્યતા બને અને કોર્ટ કચેરી વકીલ નાં ધક્કા ખાવા પડે.

## ૪.૧૭. <u>વિલનાં નોટરાઈઝેશન વિષે:</u>

(૧) ઘણાં લોકોનાં મનમાં એવો એક વિચાર છે કે વીલને નોટરાઈઝ કરાવીએ તો વિલ ૧૦૦ ટકા પાકું થઇ જાય અને પછી એમાં કોઈ કાંઈ વાંધા-વચકા કાઢી ના શકે. આ વિચાર એમને એમ બરોબર નથી. આ વાતને જરા વિગતમાં સમજીએ. જો વિલ ઉપરોક્ત જણાવ્યાં મુજબ બધીજ જરૂરી વિગતો સાથે બનાવ્યું હોય અને બનાવનારે અને સાક્ષીઓએ ઉપરોક્ત જણાવેલ વિધિસર વિલમાં સહી-સિક્કા કર્યા હોય તો વિલને નોટરાઈઝ કરાવો કે ન કરવો એનાથી વિલની અસલીયત, વિશ્વનીયતા કે કાયદાકિય સ્વીકારમાં કોઈ મોટો ફરક પડતો નથી. હાં બનાવનારને એક માનસિક સંતોષ થાય એ જુદી વાત. પરંતુ વિલ જો બરાબર કાયદાકિય વિધિ સાથે નોટરાઈઝ નાં થયું હોય તો ઘણીવાર મુશ્કેલીઓ વધી જાય.

(૨) આ વાતને બરાબર રીતે સમજવાં માટે આપણે પહેલાં એ સમજવું પડશેકે ”નોટરી” એટલે શું અને “નોટરાઈઝેશન” એટલે શું. “નોટરી” એટલે એક એવી વ્યક્તિ કે જેને સરકારે નિયુક્ત કરી છે. અને એમને કોઈ દસ્તાવેજ-**document-** ને પોતાની સહી કરી **certify-authenticate** કરવાની સત્તા સરકારે એમને આપેલી છે, કે સહીકારનારે દસ્તાવેજ ઉપર સહી એમની સમક્ષ હાજર રહી

એમની હાજરીમાં કર્યા છે. વિ.વિ. એટલે જો સહીકર્તા આવા નોટરીને પોતે કરેલાં દસ્તાવેજને નોટરાઈઝ કરવાનું કહે તો એ નોટરી એમ લખી આપે –certify– કરી આપે કે સહીકર્તાએ અને સાક્ષીઓએ એ દસ્તાવેજ  ઉપર એની હાજરીમાં સહી કરી છે. અને પછી એ નોટરી એ દસ્તાવેજ ઉપર પોતાની સહી કરે, એમનો સિક્કો મારે, નોટોરીઅલ સ્ટેમ્પ લગાડી આપે અને એના નોટરી રજીસ્ટરમાં એની નોંધ કરે છે. અને પછી એ નોટરી એ રજીસ્ટરમાં પોતે સહી કરે, અને દસ્તાવેજમાં સહી કરનારાઓની પણ સહી કરાવે છે. આટલી વિધિ પછી આવા નોટરાઈઝ કરેલાં દસ્તાવેજને જો કોર્ટ-કચેરીમાં રજુ કરીએ તો કોર્ટ-કચેરી આવા દસ્તાવેજને સામાન્ય રીતે એક કાયદીકીય માન્ય એવા **authentic** – અધિકૃત દસ્તાવેજ તરીકે માન્ય રાખે છે. પરંતુ આજે શું થાય છે એ આપણને બધાને ખબર છે. મોટા ભાગનાં નોટરી સાહેબો આ બધાં નિયમો પાળતા જ નથી. તમે કોઈ પણ બીજા વકીલને તમારું પહેલેથી સહી કરેલો વિલ-દસ્તાવેજ આપો તોય એ વકીલ આવા દસ્તાવેજ ઉપર નોટરીનાં સાચા  / ખોટા સહી-સિક્કા લાવી આપે છે. ઉપરોક્ત જણાવેલી બધી વિધિ કરતાં નથી. અને મોટે ભાગે નોટરી તો પોતે જે દિવસે એ દસ્તાવેજ ઉપર સહી કરે એ દિવસની તારીખ એ દસ્તાવેજ ઉપર નાખે છે. કદાચ એની સહી અને તમે અને તમારાં

સક્ષીઓએ સહી કરી એની કરતાં અલગ પણ હોય. પરંતુ આપણે આ વાતને બરોબર સમજતાં નથી. એટલે ગંભીર રીતે લેતા પણ નથી. પણ જો આવા વિલની બારિકાયથી ચકાસણી થાય તો આવું વિલ સાવ નકામું થઇ જાય.

(૩) આવી રીતે કાયદાકિય વિધિ વગર કે અવ્યવસ્થિત રીતે નોટરાઈઝ કરેલાં વીલનો કોઈ અર્થ જ રહેતો નથી. એનાં કરતાં નોટરાઈઝ ન કરાવવું સારૂં.

(૪) બીજી એક વાત. વિલને કોઈ સોગંદ – **oath** – નીચે બનાવવાની જરૂરિયાત હોતી નથી. એટલે કોઈ વિલમાં નોટરી સાહેબ સહી કરે એટેલ બે ને બદલે ત્રણ સાક્ષીઓએ સહી કરી એટલું જ એનું મહત્વ થાય. જેની બિલકુલ જરૂર નથી. આપણે બધાજ જાણીએ છીએ કે જ્યાં દાળ-શાકમાં બે ચમચી મીઠાની જરૂર હોય ત્યાં ત્રણ ચમચી નાખવાથી દાળ-શાક નો સ્વાદ વધારે સારો થઇ જતો નથી. એટલે બે ને બદલે ત્રણ સાક્ષીઓ સહી કરે તો વિલની માન્યતામાં કે બીજી કોઈ રીતે કાંઈજ ફરક પડતો નથી. વિલમાં બે સક્ષીની સહી પુરતી છે. બીજું એ કે જરૂર પડ્યે એ નોટરી સાહેબ તો કોઈ કોર્ટ કચેરીમાં તમારી માટે સાક્ષી આપવાં હાજર રહેવાનાં નથી. તો આવા વધારાનાં સાક્ષીનો શું અર્થ?

(૫) એ છતાય જો તમેં કોઈ પણ કારણસર વીલને નોટરાઈઝ કરાવવા ઇચ્છતા હો તો ઉપરોક્ત જણાવેલ વિધિસર કરાવજો. વિલ બનાવનાર અને સાક્ષીઓ નોટરી સમક્ષ જાય, બધા નોટરી સમક્ષ પોત-પોતાની સહી કરે અને પછી નોટરી સાહેબ ઉપરોક્ત વિધિસર એમનાં સહી સિક્કા કરે અને એમનાં નોટરી રજીસ્ટરમાં લખે તો જ વિલ વ્યસ્થિત રીતે નોટરાઈઝ થયેલું ગણાય.

(૬) મારા અનુભવમાં આવેલી એક બહુજ રસપ્રદ વાત અહીં લખવી મને બહુજ યોગ્ય લાગે છે. આ વાત આમ તો સાવ સામાન્ય છે પણ કેટલી ગંભીર છે એ વાંચશો તો જ સમજાશે.

(૭) હમણાની જ આ વાત છે. એક વ્યક્તિ, રમેશ, ૪૦-૪૨ ની એની ઉમેર અને બીમાર રહેતો હતો. એને ઘણી બધી બીમારી હતી. બ્લડપ્રેસર, ડાયાબીટીસ, હ્રદય રોગ વિ.વિ. એક શુક્રવારે, તારીખ ૬ જાન્યુઆરીના દિવસે એણે એનું એક વિલ કોઈ એક વકીલ પાસે બનાવરાવ્યુ. એમણે અને એના સક્ષીઓએ બરોબર સહીઓ પણ કરી. હવે એ વકીલ સાહેબે એ રમેશને કોઈ પણ કારણસર સમજાવ્યું કે આ વીલને જો નોટરાઈઝ કરાવીએ તો વિલ સાવ પાક્કું થઇ જાય. એટલે એ વકીલ સાહેબની સલાહ મુજબ એ વિલ ને નોટરાઈઝ કરવાની મહેશે હાં પાડી. એટલે એ વકીલ સાહેબ એ

વિલને (કે જે બરાબર બન્યું હતું) એને નોટરાઈઝ કરાવવા માટે રમેશની પાસેથી લઇ લીધું અને રમેશને કીધું કે હું તને આ વિલ નોટરાઈઝ કરાવીને તને એક બે દિવસમાં પાછા આપીશ. વકીલે એમની થતી ફી ની રકમ તેમજ વિલ નોટરાઈઝ કરવાનની ફી ની અને ખર્ચ વિ. ની રકમ પણ રમેશ પાસેથી લઇ લીધી. પછી એજ દિવસે એટલે કે ૬ જાન્યુઆરીની મોડી રાત્રે રમેશને ભયંકર મોટો જીવલેણ હ્રદય રોગનો હુમલો આવ્યો અને રમેશ એ જ ઘડીએ રાત્રી ના સુમારે ૩ વાગ્યે સ્વર્ગવાસ પામ્યો. એની બધી અંતિમ ક્રિયાઓ વિ. પતાવી એના કુટુંબીજનો પેલા વકીલ સાહેબ પાસે રમેશનું વિલ માંગ્યું. ત્યારે એ વકીલ સાહેબે નોટરીની ૪ દિવસ પછીની એટલે કે ૧૦ જાન્યુઆરીની તારીખની સહીવાળા દસ્તાવેજો એમનાં કુટુંબીજનોને આપ્યા. હવે તમે સમજી શકો છો કે આવા નોટરાઈઝ કરેલાં દસ્તાવેજની કાયદાકિય કિમત શું હોય?

(૮) ૧૦મી જાન્યુઆરીને દિવસે તો પેલા રમેશભાઈ જીવતાં પણ નહોતા એટલે પેલા નોટરી સાહેબે જે ૧૦ જાન્યુઆરીની તારીખે રમેશભાઈએ અને સક્ષીઓએ એમની સમક્ષ હાજર રહી એ દસ્તાવેજ ઉપર સહી કરી છે એ તદ્દન ખોટુ ઠરે. અને ક્યાંય કોઈ પણ કોર્ટ-કચેરીમાં પણ રજુ નાં કરી શકાય. રમેશભાઈએ એ વિલ જો નોટરાઈઝ નાં કરાવ્યું હોત તો એ પૂરેપૂરું કાયદેસર ગણાત.

કહેવાનું તાત્પર્ય એ કે જ્યાં જરૂર નાં હોય ત્યાં દસ્તાવેજને નોટરાઈઝ કારાવવાની જીદ કે ઈચ્છા રાખવી નહિ. અહિયાં રમેશભાઈની બધી મહેનત વેડફાણી અને સંપત્તિનું વિતરણ અટકી ગયું. એટલુજ નહિ પણ હવે એની બધી સંપતી રમેશભાઈ ઇચ્છતા એ રીતે નહિ પણ વિલ કર્યા વગર મરી ગયા એટલે કાયદા પ્રમાણેનાં એના વારસોને મળે. અને એનાં માટે પણ એમનાં વારસોએ કોર્ટ-કચેરી-વકીલનાં ધક્કા ખાવા પડે. એટલું જ નહી પણ જો એ વિલ ક્યાંય કોર્ટ-કચેરીમાં રજુ કરવાનું થાય તો પે'લા નોટરી સાહેબ તો જેલમાં જ જાય.

(૯) કહેવાનું તાત્પર્ય એટલું જ કે નોટરાઈઝ કરાવવાથી કોઈ પણ વિલની કાયદાકિય કિમતમાં કોઈ મોટો ફરક પડતો નથી. એ છતાં જો તમારે નોટરાઈઝ કરાવવું હોય તો ઉપરોક્ત જણાવેલ સંપૂર્ણ વિધિસર કરાવજો.

## ૪,૧૮. વિલ બનાવી લીધા પછી શું:

(૧) ઘણાં બધાં લોકો એમ માનીને જ વિલ બનાવવાનું ટાળે છે કે એક વાર વિલ બનાવીએ એટલે પછી એમનાં વારસોએ કોર્ટમાં-કચેરીમાંથી જરૂરી હુકમો-કાગળીયાઓ **probate- letter of administration** – વિ.વિ. લેવાં માટે કોર્ટ-કચેરીનાં ધક્કા

ખાવાં પડે. આ વાત આમ તો બરાબર લાગે, પરંતુ જરા ઊંડાણમાં જોઈશું તો ખબર પડશે કે આ માન્યતા કેટલી ખોટી છે.

(૨) માનો કે તમે વિલ જ ના બનાવ્યું હોય તો શું થાય? કદાચ તમારો ફ્લેટ, ઘર કે જમીન માંનો કે નોમીનેશન ની રૂએ જે તે વારસોને મળી પણ જાય. અને કુટુંબમાં જો બીજા કોઈ પ્રશ્નો નાં હોય તો વાત સુખરૂપ પાર પડી પણ જાય. તો આવા સંજોગોમાં વિલ વાપરવું જ નહિ. ભલે ને એમનેમ પડ્યું રહે. પરંતુ ફક્ત નોમીનેશનની રૂએ મળેલી આવી સંપત્તિમાં નોમીનીના હક્કો કેટલા સીમિત હોય છે અને ભવિષ્યમાં કેવા કેવા પ્રશ્નો ઉભા થઇ શકે એ આપણે ઉપરોક્ત પેરેગ્રાફ ૩.૭.૩ અને ૩.૭.૪ માં વિગતવાર જોયું. હવે માનો કે તમોને એવું લાગે કે તમારાં કુટુંબમાં આવા પણ કોઈ પ્રશ્નો ઉભા થવાની શક્યતા નથી તો પછી હું વિલ શું કામ બનાવું? પણ ઘણી વાર એવું બને કે તમારાં વારસોને સંપત્તિ એમનાં નામે કરવાં માટે કોઈ સરકારી ઓફીસ કે હાઉસિંગ સોસાયટી જ જો વિલ માંગે તો એવાં સમયે તમારા વારસો શું કરશે? સાવ મજબૂર થઈ જશે. તમે તો ત્યાં ત્યારે હાજર નહિ હો.

(૩) વિલ કર્યા પછી જો વારસોને એની જરૂર ન પડે તો ભલેને એ વિલ નો ઉપયોગ ન વાપરે. પણ જો જરૂર પડી અને નહિ હોય

તો? તો એમાં ફક્ત મુશ્કેલ પરિસ્થિતિ સર્જાશે એટલુજ નહિ, બીજી એક બહુજ ગંભીર વાત થઇ શકે. એ વાત એ  કે તમારી બધી સંપત્તિઓ વિલ કર્યા વગરની **(INTESTATE)** સંપત્તિઓ ગણાશે અને પછી તમને જે કાયદો લાગુ પડતો હશે એ કાયદા પ્રમાણે તમારા વારસોને એમનાં હક્ક મળશે. પછી એમાં તમારી કોઈ ઈચ્છાઓ ન ચાલે. તમારે કોઈ વારસને કાંઈ ન આપવું હોય કે કોઈને ઓછું-વધું આપવું હોય તો એ પણ ન થઈ શકે. અને પાછું એ હક્ક મેળવવા માટે પણ તમારા વારસોએ કોર્ટ-કચેરીમાં તો જવું જ પડશેને? નહીં તો સંપત્તિની વહેચણી કોણ અને કઇ રીતે કરશે? અને પોત પોતાને નામે કેઈ રીતે કરાવશે? એટલે ટૂંકમાં, વિલ કર્યું હશે તો એનો ઉપયોગ કરવો કે ન કરવો એ તમારા વારસો સંજોગો અનુસાર નક્કી કરી શકશે. પરંતુ નહિ જ કર્યું હોય તો કેટલી મુશ્કેલ પરિસ્થિતિઓ ઉત્પન્ન થઇ શકે એની આપણે આપણા જીવનકાળ દરમ્યાન  કલ્પના પણ નાં કરી શકીએ. તો થોડા સમય અને પૈસા ખર્ચીને વિલ બનાવીને કામ સાવ પાકું કરવું એમાંજ શાણપણ છે.

--- અસ્તુ ---



# <u>લેખક વિષે</u>

## <u>શ્રી અશ્વિનભાઈ પારેખ</u>

**મહુવા – ભાવનગરમાં જન્મ; મહુવામાં પ્રાથમિક – માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કર્યું. વિદ્વાન કેળવણીકાર શ્રી એન.એન. મહેતા સાહેબ તથા કવિ સારસ્વત ડો. શ્રી યશવંતભાઈ ત્રિવેદીનાં વિદ્યાર્થી તરીકે ઘડતર અને ચણતર થયું. ત્યાર બાદ મુંબઈ આવીને મુંબઈ યુનિવર્સીટીમાંથી વાણિજ્યમાં સ્નાતકની અને પછી વકીલાતની પદવી પ્રાપ્ત કરી. એમની છેલ્લી ભણતરની ડીગ્રી એમણે એમની ઉમરનાં ૫૯માં વર્ષે લીધી. વ્યવસાયિક કોર્સ જેવા કે MBA, કંપની સેક્રેટરી વિ. જેવાં post graduate અભ્યાસ માટે પ્રાધ્યાપક-પરીક્ષક - PAPER CHECKER –તરીકે પણ સેવા આપી અને તેઓ શ્રી કોઈ ને કોઈ રીતે શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા રહ્યા.**

**દસ વર્ષ ખાનગી કંપનીઓમાં કામગીરી બજાવ્યા બાદ ચાલીસ વરસો સુધી કરવેરા સલાહકાર તથા વકીલાતની સ્વંતત્ર પ્રેક્ટીસ કરી.**

**સાદાઈ, પ્રામાણિકતા વ્યાવસાયિક ફરજનિષ્ઠા, સાદું જીવન – ઉચ્ચવિચાર એવા જીવનમંત્ર સાથે અશ્વિનભાઈ મુંબઈના મલાડ ઉપનગરમાં પ્રસન્નતા પૂર્વક નિવૃત જીવન વ્યતીત કરે છે.**

**નિવૃત્તિ પછી પણ પોતાના વ્યવસાય પ્રત્યેની સમર્પિત કર્તવ્યનિષ્ઠા અને પ્રેમ લગીરે ઓછા થયાં નથી. પચાસ વર્ષની સુદીર્ઘ કારકિર્દીમાં વિવિધ ક્ષેત્રનાં સંખ્યાબંધ લોકોનો મેળાપ થયો, બહોળો અનુભવ મળ્યો. તેમાં મનગમતો વિષય હતો <u>'વિલ'</u> યાને વસિયતનામું. 'વિલ'ની બાબતમાં લોકોમાં પ્રવર્તતી ગેરસમજણો અને ભૂલભરેલા ખ્યાલોને દૂર કરવા સરળ ગુજરાતીમાં – આમ આદમીને સમજાય એવી લેખનશૈલીમાં આ પુસ્તિકા બની છે . આશા છે કે બહોળા વાચકવર્ગ સુધી તે પહોંચશે અને સહુને સાચી માહિતીથી વાકેફ કરશે.**